


# અધ્યાત્મ

વર્ષ : ૯ જુલાઈ–૧૯૮૮ અંક : ૧૦

## * સદ્‌ભાવભરી ભેટ *

સદ્‌ભાવભરી ભેટના પ્રવાહે અધ્યાત્મ માસિકને વાર્ષિક લવાજમ વધાર્યા સિવાય ટકી રહેવાની સંજીવની પૂરી પાડી છે; એમાં પ. પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજી તેમજ પૂ. માશ્રી સર્વેશ્વરીજીની શકિતઓ જ કારણભૂત છે. વગર માગ્યે, આ ભેટનો પ્રવાહ ચાલ્યા કરે છે; કારણ કે પ્રભુની દિવ્ય શકિતઓ વાચકોને કોઈ ને કોઇ પ્રકારે પ્રેરણા પૂરી પાડતી રહે છે. છેલ્લે મળેલ આવી ભેટની વિગતો નીચે પ્રમાણે છેઃ-

રૂા.

૧૦૧ હરિભાઇ ભોજાણી તરફથી પુત્રી મીના સુખરૂપ લંડન પહોંચી જવાથી-મોરબી.

૧૦૧ શ્રી ધનસુખભાઇ સુખાભાઇ ભક્ત-સીતાપુર.

૧૦૦ શ્રી ઠાકારભાઈ મથુરભાઈ ભક્ત-કપુરા.

૫૧ શ્રી વિમળાબહેન ઉપાધ્યાય-ભાવનગર, પુત્રીઓના લગ્ન નિમિત્તે.

૫૦ મકવાણા રાજુ એન.-ધાંગધ્રા.

૫૦ કૈલાસબેન જોષી તરફથી-વડોદરા.

૧૧ સોનેજી વસંતલાલ ગીરધરલાલ તરફથી પુત્ર ભરત વી. સોનેજી ૧૨ ધોરણમાં પાસ થવાથી-મોરબી.

૧૧ બાલમુકુંદભાઇ શ્રોફ તરફથી-મોરબી.

૧૧ વીણાબેન ટી. દેસાઇ તરફથી યાત્રા સફળ રહેવાથી-સુરત.

# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

વર્ષ : ૯ અંક : ૧૦ છૂટક નકલ ૨-૦૦, વાર્ષિક લવાજમ

દેશમાં રૂા. ૧૫-૦૦ વિદેશમાં રૂા. ૧૨૫-૦૦ ( વિમાનથી )

સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ.

તંત્રી-સંપાદક : શ્રી નારાયણ હ. જાની.

સહસંપાદકો : શ્રી નાનુરામ દુધરેજિયા, શ્રી ભાઈલાલભાઈ છાટબાર, શ્રી મણિભાઈ સી. શાહ.

પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન : 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર-૩૬૪૦૦૧

તંત્રી, મુદ્રક અને પ્રકાશક : નારાયણ હ. જાની ફોન : ૨૮૬૬૩

મુદ્રણસ્થાન : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, બોરડીગેટ ભાવનગર-૧


### લેખકોને નિમંત્રણ

અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપજ લેખો સ્વીકારવામાં આવશે.

લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિધ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેશો.

* 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
* 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
* પત્રવ્યહવાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
* 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે

દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૦મી એ અંક રવાના કરવામાં આવશે.

# * અનુક્રમણિકા *


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૩ |
| અમારી વિદેશ યાત્રા (૨) | નારાયણભાઈ હ. જાની | ૯ |
| ડૉ. અમીનની સાધનાના કેટલાંક પારિભાષિક શબ્દોની સમજ | પુષ્કર ચંદરવાકર | ૧૭ |
| શ્રીપાદ વલ્લભ દિગંબરા ! | રંગ અવધૂત | ૨૪ |
| રમણ મહર્ષિના ભક્તો | ઉપેન્દ્ર કે. ઝિંઝુવાડિયા | ૨૫ |
| યાંત્રિક જીવનગતિ અને બચાવ | ભાઈલાલભાઇ છાટબાર | ૩૦ |
| પ્રભુ મંદિરની સીડીના અગિઆર પગથિયાં | ડૉ. નટવરલાલ દાણી | ૩૪ |
| મૃત્યુ | સ્વામી શિવાનંદ | ૩૬ |
| પ્રકાશના પંથે | સં. પરમાર્થી | ૪૩ |
| પ્રેરક પ્રસંગો | સ્વામી રામદાસ | ૪૭ |
| કીર્તિધ્વજ | દુર્લભજી ભક્ત સ્યાદલા | ૫૪ |
| એમના વિના જીવન ખરેખર અંધકારમય છે... | જયેશકુમાર એન. પટેલ | ૫૫ |
| જોયા જગદીશ | વૈદ્ય વી. એમ. મહેતા | ૬૦ |
| રામકથા | શ્રી યોગેશ્વરજી | ૬૧ |
| પરમાત્મા | મનીષ એન. જોષી | ૬૪ |





# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો
—મા સર્વેશ્વરી

વર્ષ : ૯ જુલાઇ-૧૯૮૮ અંક : ૧૦


## શ્રી યોગેશ્વર કથામૃત

શ્રાવણ વદ આઠમ ૨૦૩૬ મંગળવાર, સરદારનગર, ભાવનગર તા. ૨/૯/૧૯૮૦.

આજે રાત્રે એકંદરે શાંતિ રહી. બે અઢી કલાક પૂ. શ્રીને ઉજાગરો થયો, તોપણ સવારે બન્ને સ્વસ્થ હતાં એમ કહી શકાય.

બરાબર સાડા આઠે દ્વાર ખૂલે છે. તે પહેલાં પૂ. શ્રી પોતાનું નિત્યકર્મ કરીને પૂ. માતાજીને સ્નાન કરાવી કપડાં પહેરાવી ફરી સુવડાવી દે છે. સાઠા આઠે દૂધ આવી જતાં પૂ. માતાજીને પ્રથમ કોફી પૂ. શ્રી આપી દે છે. પછી જ પોતે લે છે. આ તો દરરોજનો ક્રમ છે.

આજે સાડાઆઠે દ્વાર ખૂલ્યાં, ત્યારે શ્રી નારાયણભાઈ, શ્રી સરસ્વતીબેન તથા તેમનો નાનકડો દીકરો અજય (જેને પૂ. શ્રી ડોકટર કહે છે, દરરોજ બપોરે પૂ. શ્રીને તે જ લોહચુંબકીય સારવાર આપે છે.) આવ્યા છે. આજે અજયનો જન્મદિન છે. પૂ. શ્રી રસોડા તરફ માતાજી માટે દૂધની સૂચના આપવા આવે છે, ત્યાં જ અજય ચંદન

ફૂલથી પૂ. શ્રીની પૂજા કરે છે. પૂ. શ્રીને પ્રણામ કરે છે, પૂ. શ્રી અજયને કહેવા લાગ્યા, "જુઓ, આજે તમારો જન્મદિન છે, તો આ મા( મારા પ્રત્યે અંગુલિ નિર્દેશ કરી )ના જીવનમાંથી શીખવાની પ્રેરણા લો કે કોઈ પથ્થર મારે, કોઈ નિંદા કરે, કોઈ વિરોધ કરે તો પણ તેની દરેક પ્રકારની-અરે! સંડાસ સાફ કરવાની પણ સેવા હસતાં હસતાં કરે. આટલું જો તમે આજે એમની પાસેથી શીખશો, તો આદર્શ માનવ બની આગળ ને આગળ વધી શકશો."

આટલું કહી શ્રી નારાયણભાઈને માતાજીની વાતો કરે છે. પૂ. શ્રી કહે છે, માતાજીને મેં ગઈરાત્રે ને આજે પણ કહ્યું, "આ (મારા પ્રત્યે) તમારી સેવા કરે છે. તમારું સંડાસનું પોટ પણ સાફ કરે છે. બીજાને તો સૂગ ચઢે. પણ તેઓ તરત જ હસતાં હસતાં મારી પાસેથી લઈને સાફ કરી નાખે છે. વિરોધીઓની પણ સેવા કરવી એ કેવું કહેવાય ? એમને તો મારી સાથે સંબંધ છે છતાં તમે મારી સાથે સંકળાયેલાં છો તેથી તે તમારી તેવી સેવા કરે છે. કોણ કરે એવી સેવા!– વગેરે વાતો કરી. માતાજીની આ સેવા કરે છે તે માતાજી પણ જાણે એ જરૂરી છે.

પછી પૂ. શ્રી માતાજીને કોફી આપે છે. અમે બન્ને દૂધ લઈ લઈએ છીએ. પછી પૂ. શ્રી મોં સાફ કરવા બહાર આવે છે, ત્યાં અજય ઝાડૂ કાઢવા ઊભો છે. તેને ફરી કહેવા લાગ્યા કે એમનામાં કેવો સેવાભાવ, પ્રેમ, પવિત્રતા ને સરળતા છે! તે શીખવા જેવું છે. વિરોધીઓને પણ પ્રેમ કરે, તેમની હસતાં હસતાં સેવા કરે આ બધું છે તેથી અમે એમને-( સર્વેશ્વરીને ) મા કહીએ છીએ. એમની પાસેથી ઘણું ઘણું શીખવાનું છે.



શ્રી નારાયણભાઈ જેમ શ્રદ્ધાળુ છે તેમ એમનું આખું ઘર ખૂબ જ સેવાભાવી અને શ્રદ્ધાળુ છે. દરેક સભ્યો પૂ. શ્રીની કોઈપણ નાની મોટી સેવા કરવા સદા તત્પર રહે છે, એ રીતે અજય પણ ઓરડાની સફાઈ કરવા મંડી જાય છે. દરેક સભ્યો પોતપોતાની રીતે સેવા આપે છે. કેવું અદ્ભુત કુટુંબ ગણાય!

આજે અજયનો જન્મદિન છે, એટલે મેં એને સ્વામી વિવેકાનંદનું જીવનચરિત્ર ભેટ આપ્યું. પૂ. શ્રી પાસે એ પુસ્તક ઉપર ૐ લખાવ્યો. પૂ. શ્રી કહેવા લાગ્યા કે આ (સર્વેશ્વરી) જેના જેના જન્મદિન હોય તેને તેને આવા ભેટ પુસ્તકો આપ્યાં કરે છે, મને એવું ગમતું નથી; કેમકે જેને આપવામાં આવે છે તે વાંચે જ છે કે કેમ એ પ્રશ્ન છે? "મેં કહ્યું," "અજય તો વાંચશે જ."

આજે જન્માષ્ટમી છે. ગયા વરસે જન્માષ્ટમી પૂ. શ્રી સાથે ઝામ્બિયા દેશના એન્ડોલા શહેરમાં ઊજવી હતી. આ બીજી અષ્ટમી મારે માટે મંગલમયી છે. પૂ. શ્રી ઘણાં ઘણાં વરસો પછી વર્ષાઋતુમાં ગુજરાતમાં છે. વરસોથી મસૂરી અને છેલ્લા ત્રણ વરસથી પરદેશમાં આ સમયે હોય છે.

આજે જન્માષ્ટમી નિમિત્તે પૂ. શ્રીની સરળગીતા( શ્રીમદ્ ભગવદ્ ગીતાનો કાવ્યમાં કરેલો પૂ. શ્રીનો અનુવાદ )નો ૧૮ અધ્યાયનો પાઠ રાખવામાં આવ્યો છે. બહાર મેદાનમાં સજાવેલા મંડપમાં લગભગ ૬૦, ૭૦ ભાઈબહેનો પાઠ કરે છે. સવારે નવથી સાડા અગિયાર સુધી તો પાઠ ચાલે છે. પછી સૌ ભાઈબહેનો પૂ. શ્રીને અંદર આવી પ્રણામ કરી વિદાય થાય છે. આજે મુલાકાત બંધ રાખવામાં આવી છે.

માતાજીને મનગમતું થોડું ભોજન બનાવ્યું છે. થોડું

લે છે. પછી પૂ. શ્રી સાથે નારાયણભાઇ પણ આજ્ઞાથી ભોજનમાં જોડાય છે. ફળાહારમાં આજે બટાકાનું શાક, દૂધ, શીરો પૂ. શ્રી લે છે. ભોજન ચાલુ છે ત્યાં જ મોરબીથી બે ભક્તો આવ્યા છે, એવી ખબર મળે છે. જેથી પૂ. શ્રી ભોજન બાદ થોડી મિનિટોમાં તેઓને બોલાવે છે. શ્રી હરિભાઈ ભોજાણી અને શ્રી ગોરધનભાઈ કલોલા કે જેઓ મોરબીની હાઇસ્કૂલમાં શિક્ષકો છે. બન્ને અત્યંત શ્રદ્ધાળુ ને સેવાભાવી છે, પ્રેમાળ છે. તેઓ સાથે પૂ. શ્રી માતાજીની માંદગીની વાતો કરે છે. ત્યાં માતાજીની માનસિક અશાંતિ શરૂ થાય છે. પૂ. શ્રી ખૂબ સ્વસ્થતાથી શાંત કરે છે. પૂ શ્રી લોહચુંબકીય સારવાર લેતાં લેતાં અઢી વાગ્યે આરામ કરે છે. તે દરમ્યાન હું મોરબીના ભક્તો આવ્યા છે, તેમની સાથે ૩-૪૫ સુધી વાતો માટે નારાયણભાઇને ત્યાં જઉં છું. બન્ને શાંતિથી આરામ કરે છે.

માતાજીની અશાંતિથી પૂ. શ્રીના શરીર ઉપર પણ અયોગ્ય અસર થાય છે. સાથે રહેનાર ત્રીજી વ્યક્તિ તરીકે મને પણ થોડી અસ્વસ્થતા અસર કરી ગઇ. પૂ. શ્રીએ મને કહ્યું, "પ્રસન્નતા અને હિંમત રાખો. મારા જેવા હાર્ટના દર્દીને તમારા તરફથી તો પ્રસન્નતા મળવી જ જોઇએ અને મને હિંમત પણ થોડી રહેશે, તમારે મારી સામે જોઇને રહેવાનું છે." વગેરે.

સાંજે પોણા છ વાગ્યે શ્રી નારાયણભાઇ, શ્રી હરિભાઇ ભોજાણી, શ્રી ગોરધનભાઇ કલોલા આવે છે. પૂ. શ્રી રૂમમાંથી પ્યાલો હાથમાં લઈને બહાર આવે છે. તરતજ હું એકદમ સામે પહોંચી જઇને પ્યાલો લેવા માટે હાથ લંબાવું છું. પૂ. શ્રી કહે છે, "બીજા કોઈ નથી ? આ શબ્દો પાછળ



હું પ્યાલો લેવા અયોગ્ય છું એમ માની લીધું જેથી હું તરતજ પૂ. શ્રી પાસેથી એકદમ જલ્દી ખસી ગઈ ને મારી રૂમમાં આવી ગઈ ખૂબ દુઃખ સાથે. મારી પ્યાલો માંગવાની શું ભૂલ હતી ? એ વિચાર સાથે રૂમમાં બારી પાસે ઊભી રહી ગઇ. પૂ શ્રી કહે, "અરે ! સાંભળો, એક સરસ અગત્યની વાત કહું. એમ કહી પ્યાલો લઇને મારી પાસે મારી પાછળ જ આવીને ઊભા રહી ગયા. મેં ફરી પ્યાલાનો અસ્વીકાર કર્યો. પૂ શ્રી સાથે હું પણ ફરી ભાઇઓ ઊભા હતા ત્યાં પહોંચી ગઈ. પૂ. શ્રી કહેવા લાગ્યા, "ગયા જન્મની વિનોદ કરવાની ટેવ મારી હજુ ગઇ નથી. હું તો ખાલી મશ્કરીમાં કહેતો હતો."

મહાપુરુષની લાગણી કેવી સંવેદનશીલ હોય છે ! જરાપણ પોતાના ભક્તનું હૃદય દુઃભાય તો તે પોતે કેવા સંવેદનશીલ બનીને દોડી આવે છે ! પછી મેં નારાયણભાઇને કહ્યું, "કેટલો બધો પવિત્ર પ્રેમ છે પાછળ આવવું જ પડ્યું ને ?"

પ્રવચનમાં જતાં સુધી પૂ માતાજી પાસે જ પૂ. શ્રી પોતાનો સમય ગાળે છે. આજે પ્રવચનમાં પરદેશીઓની નીતિમત્તાને ભારતની હાલની સ્થિતિ–કૃષ્ણની વાતો કરે છે.

પ્રવચન પછી પૂ. માતાજીને ભોજન ( ૧ ચમચી ભાત–દાળ ) આપે છે. પૂ. શ્રી આજે હળવો અલ્પાહાર કરી દૂધ લે છે.

શ્રી નારણભાઈ, સરસ્વતીબહેન રસોડામાં હતાં. ત્યાં પૂ. શ્રી આવે છે અને હોસ્પિટલમાં કરેલી અદ્‌ભુત સેવાની વાતો કરતાં કહે છે કે એ સેવા કરનારને મારાથી કેમ ભૂલી જવાય ? વિરોધો, ટીકા, નિંદા, તિરસ્કાર સામે પણ જે સેવા

કરી છે તેનો બદલો હું શી રીતે વાળી શકું, વગેરે વાતો કરી, પૂ. શ્રી પોણા દશ વાગ્યે આરામ માટે માતાજીની રૂમમાં જાય છે. માતાજી સાથે થોડી વાતો કરે છે. હું જન્માષ્ટમી નિમિત્તે અને મોરબીથી આવેલા ભાઈઓને લીધે શ્રી નારાયણભાઈને ત્યાં રાત્રે ૧૧–૦૦ સુધી વાતો માટે જઉં છું. ત્યાં "આજે જોયેલા પૂ. શ્રી" એ વિષય ઉપર અને સર્વેશ્વરી પર લખેલા લેખ અંગે શ્રી નારાયણભાઈ વાતો કરે છે. નોંધ સાંજની બાકી હતી તે પૂર્ણ કરી ત્યાં તો સાડા અગિયાર થઈ ગયા. હવે હરિ : ૐ

–મા સર્વેશ્વરી

મોટા મનાતા સામાજિક લોકોનો સંપર્ક ખપ પૂરતોજ રાખો.

ભણતર કમાવાની કળા શીખવે છે. કેળવણી જીવવાની.

આજે શબ્દ સોંઘા બન્યા છે, કર્તવ્ય મોંઘુ થયું છે.

ધંધો કરવો એમાં પાપ નથી. પાપ તો મફતનું ખાવામાં છે.

દરેક મનુષ્યનો કાર્ય વ્યવહાર તેની ટેવ અને બુદ્ધિ પ્રમાણેનો જ હોય છે.

કામની અધિકતા નહિ. અનિયમિતતા જ અકળાવે છે.



# અમારી વિદેશ યાત્રા (૨)

નારાયણભાઇ હ. જાની

## અમેરિકાની ભૂમિ ઉપર

અમે મુંબઇથી તા ૧૭–૫ ના મધ્યરાત્રિ પછી–એટલે તા. ૧૮/૫ની વહેલી સવારે અઢી વાગે વિમાનમાં બેઠેલા. અને લગભગ ૧૦,૦૦૦ માઇલની મુસાફરી અમે ૨૧ કલાકમાં કરેલી. વાદળોની ઉપર ઊડતા વિમાની પ્રવાસમાં પ્રવાસીને ખબર સુદ્ધાં પડતી નથી કે તે જે વાહનમાં બેઠેલો છે, તે સેંકડો માઇલની ઝડપે ઊડી રહ્યું છે. એ તો જાણે કોઇ સ્થિર સ્થાનમાં બેઠેલો હોય એવુંજ એને લાગે છે.

અમેરિકાના કેનેડી એરપોર્ટ ઉપર અમને છ માસ રહેવાની પરવાનગી મળી ને કસ્ટમમાંથી સરળતાથી પસાર થઈ જવાયું. જો કે અમારી પાસે સામાનમાં જકાત ભરવા જેવી કોઇ વસ્તુ હતી જ નહિ. અહીંના અધિકારીઓની વિશેષતા એ લાગી કે તેઓ પ્રવાસીના નિવેદનને સાચા તરીકે સ્વીકારી લે છે અને અપવાદ તરીકે કોઈકવાર જ શંકા જતાં ખોલાવે છે. એટલે માત્ર ૧૫ મિનિટમાંજ જકાત ચકાસણીમાંથી અમને મુક્તિ મળી ગઈ.

અમે પ. પૂ. માશ્રી સર્વેશ્વરી સાથે આવેલા, એટલે અમારે એરપોર્ટથી કેવી રીતે ક્યાં જવાનું છે, તે કશું વિચારવાનું ન હતું. બહાર ભારે વરસાદ પડતો હતો એટલે સામાન એકબાજુ રાખી ગાડીઓને પાર્કિંગમાંથી લાવી તેમાં સામાન ભરવામાં આવ્યો. પૂ. માશ્રી વિનોદભાઈની ગાડીમાં બેઠાં અને અમે એક સત્સંગીબેન શારદાબહેનની ગાડીમાં ગોઠવાયાં. છેક કેનેડાથી બે સત્સંગી ભાઇઓ–શ્રી હર્ષદભાઈ તલાટી

અને શ્રી દીપકભાઈ ઘોડીવાલા પૂ. માનું પરદેશની ધરતી ઉપર સ્વાગત કરવા આવ્યા હતા. એમનો ઉત્સાહ ને ભાવ ઘણો ભારે હતો.

પૂ. માની ગાડી તો અર્ધા કલાકમાં-હાઈવેના માર્ગે શ્રી વિનોદભાઈના ઘરે પહોંચી ગઈ, પરંતુ અમારા ગાડી ચલાવનાર ભાઈ રસ્તાઓથી થોડા અપરિચિત હતા અને ટ્રાફિક ખૂબ હોવાથી અમને પહોંચતાં દોઢ કલાક ઉપર સમય થઈ ગયો. પ્રવાસ દરમ્યાન ખાસ સૂવાનું મળ્યું ન હતું એટલે ધીમી ચાલતી ગાડીમાં–બહારની વરસાદની ઠંડકને લીધે અમને ઝોકાં આવી ગયાં.

આખરે અમે ઉતારે પહોંચ્યા તો પૂ. માને ખૂબ શાન્તિ થઈ. પૂ. માને અમારા મોડા પહોંચવાથી ચિન્તા થતી હતી. માનો સ્વભાવ જ બાળકોનું મંગલ ઈચ્છનારો હોય છે. દુનિયાની સાંસારિક માતાઓ જો આવી ચિન્તા કરતી હોય તો આ તો અમારી આત્મિક ને આધ્યાત્મિક જનેતા. એને ચિન્તા થાય એ સ્વાભાવિક છે.

લાંબા પ્રવાસને લીધે પૂ માને થાક લાગે એ હકીકત હતી છતાં તેઓ દોઢ કલાક સુધી અમારા આગમનની પ્રતીક્ષા કરતાં બેઠાં. અમારા આગમન પછી પૂ. શ્રીની આરતીને વંદન કરી પ્રસાદ લઈ સહુ વિખરાયા.

શ્રી વિનોદભાઈનું ઘર તો ઘણું મોટું છે. તેમાં પહેલે માળે પાંચ અને બીજે માળે પાંચ ઓરડા છે. પૂ. માને ઊતરવા માટે ઉપલા માળનો આખો આવાસ નવાં કારપેટ, ફ્રીઝ, બેડ વગેરેથી સુવિધાયુક્ત કરવામાં આવ્યો છે.

ઘરનો કોઈપણ ઓરડો એવો નથી જેમાં પૂ ગુરુદેવ અને પૂ. માની અનેક છબીઓ ન હોય. એમાં છ જેટલી તો મોટી સુંદર પ્રતિકૃતિઓ–છ ઓરડાઓમાં રાખેલી છે. તે



ઉપરાંત નાના મોટા અનેક પૂ. મા–પ્રભુના ફોટાઓ જોઈ આપણને ઘડીભર લાગે કે આ તો રહેણાકનો કોઈ આવાસ છે કે દેવમંદિર. સત્યપથની જાણે બીજી નાની આવૃત્તિ પરદેશમાં હોય એવું જ લાગે. ઘરના કોઈ ભાગમાં બેસી પૂ.શ્રીને પ્રાર્થના વંદના કરો, તો સામે પૂ. શ્રીનો તેમજ માનો ફોટો હોવાનો જ.

શ્રી વિનોદભાઈની પૂ. શ્રી અને પૂ. મા માંની શ્રદ્ધા ભક્તિ અદ્ભુત છે. પૂ. માને સંપૂર્ણ સુવિધા રહે તે માટે તેમણે ઝીણવટભરી કાળજી લીધી છે. તેમના જીવનમાં પૂ. ગુરુદેવ ને મા પ્રત્યેની ભક્તિ અદ્ભુતપણે ખીલેલી દેખાય છે. તેમની પાસે પૂ. ગુરુદેવની ૨૦૦ ઉપરાંત પ્રવચન કેસેટો તેમજ ઘણીબધી પૂ. માની વિડિયો કેસેટો પણ છે. પૂ. માના આવા અનન્ય ભક્ત પરદેશની આ ભોગપરાયણ ધરતી પર જોઈને અમને ખૂબ આનંદ થાય છે.

એમના ઘરમાં ખૂબ પવિત્રતા અને ચોખ્ખાઈ જળવાય છે. પરદેશોમાં વસતા ઘણા ભારતીઓના ઘરોમાં દરરોજ સવારે સ્નાન કરવાની ટેવ નથી હોતી. તેમજ સ્ત્રીઓ પણ સ્નાન કર્યા વિના ચપ્પલ કે સ્લીપર પહેરીને રસોઈ બનાવતી હોય છે. જ્યારે અહીં જુદું જ જોવા મળે છે. ઘરમાં પણ મોજાં કે ચપ્પલ પહેરીને ફરવાની પદ્ધતિ આ ઘરમાં નથી. ઘરમાં બધે ઊનની કારપેટ છે એટલે એની આવશ્યકતા એમને નથી લાગી. વળી શ્રી વિનોદભાઈ તો વહેલી સવારે ૫–૩૦ કલાકે ને સાંજે સ્નાન કરી, પૂજા ને જપ કરવા બેસી જાય છે. ઘરનાં બાળકો પણ ગમે તેવી ઠંડીમાં પણ દરરોજ સ્નાન કરીને જપ પ્રાર્થના કરી શાળાએ જાય છે. એમનાં પત્ની પણ સ્નાન કરીને જ રસોઈ વગેરે બનાવે છે, કારણ કે દરરોજ ભગવાનને થાળ ધરાવવાનો નિયમ આ ઘરમાં છે. આમ

ભારતીય ધાર્મિક પરંપરા આ ઘરમાં જળવાતી જોઈ અમને આનંદ થાય છે.

તેમના ઘરમાં ડાઈનિંગ ટેબલ છે પરંતુ મહેમાનો કે ચા કોફી નાસ્તો લેવા પૂરતોજ એનો ઉપયોગ થાય છે. બાકી ઘરનાં સભ્યો જમીને બેસી પલાંઠીવાળી ભોજન કરે છે. કેવું સરસ !

એમનું દૈનિક જીવન સાદું સરળ અને પ્રભુપરાયણ છે. વહેલી સવારે ઊઠી તેઓ પોતાના કામ પર જાય ત્યારે ખીસ્સામાં રહે એવું ટેપરેકાર્ડર ને ઇઅરફોન લઇ જાય છે. ઓફિસનું કલાકેકનું અંતર પૂ. શ્રીનાં પ્રવચન અને પૂ. માનાં ભજનો સાંભળવામાં–જતાં આવતાં કપાઈ જાય છે. આ એમનો દૈનિક ક્રમ છે. દરરોજ સાંજે પણ ઘરે પ્રભુની આરતી તેમજ દેવસેવામાં થાળ વગેરે કર્યા સિવાય જમવાનું પીરસાતું નથી. ભારતમાં પણ આટલી નિષ્ઠાવાળા ભક્ત ભાગ્યે જ જોવા મળે.

એમનાં પત્ની સરોજબહેન પણ સ્નેહાળ, મળતાવડાં, સેવાભાવી ને ઇશ્વરનિષ્ઠ છે. પૂ. મામાં એમની શ્રદ્ધા અતૂટ છે. ખૂબ પ્રેમપૂર્વક પૂ. માની દેખભાળ ને સેવાનો ભાર એઓ ઉઠાવે છે.

અમને બન્નેને પણ તેઓ પોતાના સ્વજનની જેમ પ્રેમપૂર્વક સાચવે છે. અમને પરાયાપણું લાગતું નથી.

પૂ. માને શારીરિક થાક હોવાથી પૂ મા આરામ કરે છે. બીજે દિવસે બપોરે કેનેડાના ત્રણેક ભાઇઓ પૂ. માના દર્શને આવે છે. આજે ગુરુવાર છે એટલે પૂ. મા સાઇબાબાની સ્તુતિ અને આરતી કરવા સૂચના આપે છે.

કેનેડાના શ્રી હર્ષદભાઇ તલાટીનો પૂ. માની સંનિધિમાં સાઇબાબાની સ્તુતિ કરવાનો સંકલ્પ આમ અચાનક પૂર્ણ



થાય છે. પોતાનો ભાવ પૂ. માને પહોંચી ગયો જાણી એઓ આનંદ વ્યક્ત કરે છે.

તેઓ પૂ. માને વિનંતિ કરે છે 'હે મા, અમને શ્રી યોગેશ્વર બાવની જેવી, શ્રી રામકૃષ્ણદેવ પરની એક બાવની બનાવી આપોને ?"

અમે કહીએ છીએ, "પૂ. શ્રીએ શ્રી રામકૃષ્ણ પરમહંસની સ્તુતિ તમારા જેવા રામકૃષ્ણદેવના અનન્ય ભક્ત રાજકોટના શ્રી શાન્તિભાઈ કનેરિયાના લાભાર્થે જ લખી આપેલી."

એટલામાં શ્રી વિનોદભાઈના બનેવી આવે છે; તેમનો પરિચય પૂ. મા અને અમને કરાવવામાં આવે છે. તેઓ સ્વામીનારાયણ ધર્મ પાળે છે ને અહીં પરદેશમાં પણ કપાળમાં સંપ્રદાયની પરંપરા પ્રમાણે સરસ મજાનો ચાંદલો કરેલો જોઇ અમને આનંદ થાય છે. પૂ. મા અમને સહજાનંદ સ્વામીના એકાદ બે પ્રસંગો સંભળાવવા કહે છે. દાદા ખાચરની સહજાનંદ સ્વામી પ્રત્યેની નિષ્ઠાની વાતો અમે કરીએ છીએ.

પૂ. મા કહે છે. "જેને માનતા હો તેને ભલે માનો. તેને શ્રદ્ધાપૂર્વક વળગી રહો. ને ધર્મની જે સારી વાતો છે તેને જીવનમાં આચરવાનો આગ્રહ રાખો."

પૂ. મા અહીં આવ્યાં છે, ને શરીર પણ થાક ને શ્રમ અનુભવે છે, પરંતુ એમનો રોજિંદો નિત્ય સાધનાક્રમ એકધારો ચાલતો રહે છે. પોતાની રોજિંદી સ્તુતિઓ અને પાઠ, જપ વગેરે કલાકો સુધી ચાલે છે. પૂ. માએ પોતાનો દરરોજ બાર કલાક મૌન રાખવાનો ક્રમ પણ અહીં જારી રાખ્યો છે. સામાન્ય રીતે પૂ. માનો દરવાજો બાર પહેલાં ખૂલતો નથી. અહીં આવ્યા કેડે પૂ. માએ બે નિર્જળા કર્યા.

શરૂમાં એક બે દિવસ ફળો ભાવ્યાં પરંતુ ધીમે ધીમે તેમના પ્રત્યેથી પણ એમનું મન ઉપરામતા અનુભવે છે.

પૂ. માએ વાતવાતમાં કહ્યું, "ભારતથી એક કીડી પણ તમારા સામાન ભેગી આવી જાય તો તે પણ ફોરેન રીટર્ન્ડ થયેલી કહેવાય. પણ મહત્ત્વની વાત એ છે કે અહીં આવ્યા પછી શું કર્યું ? અમે તો ગમે ત્યાં જઈએ અમારો અમારા ગુરુદેવ અને પ્રભુ સાથેનો સંબંધ જળવાઈ રહે છે. પછી સ્થળ ભલેને હોલીવૂડ હોય કે હિમાલય. અહીં અમે લોકોને એ યાદ દેવડાવવા આવ્યાં છીએ કે મનુષ્ય તરીકે તમારે શું કરવું જોઈતું હતું અને શું કરી રહ્યા છો ? "કયા કરના થા, કયા કરતે હો !

કેનેડાના ભાઈઓને શનિ-રવિ સાથે સોમવારની રજા હોવાથી વીસેક જેટલા ભાઇ બહેનો કેનેડાથી શનિવાર ને ૨૦/૫ના રોજ મોટરોમાં આવી પહોંચ્યાં. શરૂમાં પૂ. માએ બપોરના ૧૨-૩૦થી સત્સંગનો સમય રાખેલો. આ ભાઇઓમાં કેનેડાથી સુરેશભાઈ શાહ અને રાજુભાઇ શાહના પરિવારના સભ્યો પણ આવ્યા છે. ટોરેન્ટોમાં જે ધ્યાનકેન્દ્ર ચાલે છે, ત્યાં મહિનાના ચોથા રવિવારે વારા ફરતી દરેક સભ્યને ત્યાં સત્સંગની બેઠક યોજાય છે. આ વખતે ૨૯/૫/૮૮ ની બેઠક શ્રી રાજુભાઇ શાહને ત્યાં છે. તેનો આગ્રહ છે કે પૂ. મા મારે ત્યાંની બેઠકમાં હાજરી આપે. તેણે ઘણો આગ્રહ કર્યો. પૂ. માએ એક તબક્કે શારીરિક થકાવટને લીધે ના પાડી તો તેની આંખમાં આંસુ આવી ગયાં અને પૂ. માનું હૃદય પીગળી ગયું. પૂ. માએ એ છોકરાને ત્યાં એક દિવસ માટે વિમાનમાં કેનેડા જવાની હા પાડી એથી એને અને બીજા સાધકોને ખૂબ આનંદ થઈ ગયો. પૂ. માના જીવનનું વાત્સલ્યપૂર્ણ કરુણાર્દ્ર પાસુ સહુને જોવા મળ્યું.



શ્રી રાજુભાઈએ તો ભાવથી એવો પ્રસ્તાવ મૂકેલો કે અમે ત્રણે જણ ટોરેન્ટો વિમાનમાંજ જઇએ અને આવીએ. પરંતુ પૂ. માએ કહ્યું એક દિવસ માટે એવો ખર્ચ કરવો ઉચિત નથી. અમારો ટોરેન્ટો આવવાનો કાર્યક્રમ છે જ ત્યારે નારાયણભાઈ ને સરસ્વતી આવશે. તે વખતે એમનો સત્સંગ તમારે ત્યાં રાખજો. એટલા પૈસા બચે તેના અધ્યાત્મને આજીવન સભ્યો બનાવી આપજો.

પૂ. મા અધ્યાત્મની કેટલી બધી ચિન્તા કરે છે !

શ્રી વિનોદભાઈનાં ધર્મપત્ની શ્રી સરોજબહેનનો આતિથ્યભાવ અનેરો છે. કેનેડાથી આવનાર ભાઇબહેનો દસ કલાકનું ડ્રાઇવિંગ કરીને આવેલા. એમણે બધાજ ભાઇબહેનોને પ્રેમપૂર્વક જમાડ્યાં. વળી પૂ. માને જમવાના સમયે જે કોઇ મળવા આવે તેને પણ આગ્રહથી મિષ્ટાન્ન જમાડે છે. પરદેશના વ્યક્તિનિષ્ઠ સમાજ વચ્ચે વસવા છતાં તેમના જીવનમાં ભારતીય સંસ્કૃતિનો 'અતિથિ દેવો ભવ' નો ભાવ વણાઈ ગયો દેખાય છે.

કેનેડાથી આવનાર અન્ય ભાઇઓમાં શ્રી સુરેશભાઈ પરીખ, શ્રી સુરેશભાઇ દવે અને શ્રી સુરેશભાઈ મિસ્ત્રી, શ્રી રમેશભાઈ પરીખ, શ્રી જયંતીભાઈ અને એમના પરિવારના સભ્યો મુખ્ય હતા. પ્રેમભાવ વગર આટલે દૂર રજાઓ બગાડીને સત્સંગ માણવા કોણ આવે ?

પૂ. શ્રી યોગેશ્વરજીના અનન્ય યુવાન ભક્ત શ્રી ધનજીભાઈ સુતરિયા અહીં ન્યૂ જર્સીમાં જ રહે છે. તેઓ મોરબીની એન્જીનિયરીંગ કોલેજમાં ભણતા ત્યારથી પૂ. શ્રીને તથા પૂ. માને જાણે છે ને તેઓના સત્સંગમાં જોડાય છે. શ્રી સુતરિયાભાઇને કાઠિયાવાડી દૂહા સરસ રીતે ગાતાં આવડે છે, ને તેઓ પૂ. શ્રીના કાર્યક્રમોમાં સ્વરચિત દૂહાઓ ગાઈ સંભળા-

વતા. અમારા આવવાની જાણ થતાં તેઓ તેમનાં પત્ની અને માતા-પિતા સાથે કેનેડી એરપોર્ટ ઉપર અમને લેવા આવેલ. હવે તેઓ અહીં નોકરીમાં સારી રીતે સ્થિર થયા છે. એટલે તેમણે પૂ. માને કહ્યું, "મારે એક હજાર ડોલર આપવાના છે. તમે કહો તે રીતે આપું."

"હમણાં શી ઉતાવળ છે ? હજી બરાબર સ્થિર થાઓ પછી આપજો. હમણાં બચત કરી, પોતાનું ઘર વસાવો ને તમારાં ભારતમાં વસતા સગાંઓને પણ મદદ કરો."

એમણે કહ્યું, "અત્યારે સૌરાષ્ટ્રમાં દુકાળ છે. એટલે બધાં સગાંને થોડી થોડી મદદ કરતો રહું છું. પૂ. ગુરુદેવની કૃપાથી મને અહીં સરકારી નોકરી મળી ગઈ છે. નવ મહિના થયા. બચત પણ કરું છું. મારાં માતા-પિતાને પણ અહીં બોલાવ્યાં છે."

એમની વાત સાંભળી પૂ. માને ઘણી પ્રસન્નતા થઇ. બીજાઓને મદદરૂપ થવું એ પૂ. માનો સ્વભાવ છે. સુતરિયાભાઈ પોતાના વતન અને સગાંઓને ભૂલ્યા નથી તે જાણી પૂ. માને આનંદ થાય એ કુદરતી છે.

આજના સત્સંગમાં શ્રી નારાયણભાઇ પૂ. શ્રીના કેટલાક જીવન પ્રસંગો સંભળાવે છે ને શ્રી સુતરિયાભાઇ પૂ. શ્રી પરના સ્વરચિત દૂહા-બુલંદ કંઠે ગાય છે. એમના અવાજનો રણકો ને ગાવાની લઢણ કાઠિયાવાડી ચારણોને મળતી આવે છે જે ઘણી મોહક ને પ્રભાવશાળી લાગે છે.

કેનેડાના ભકતોને પૂ. મા તા. ૨૨/૫ના રોજ ૧૧-૦૦ કલાકે દર્શન કરવા આવવા પરવાનગી આપે છે. પંદરેક જેટલાં ભાઈબહેનો સમયસર ઉપસ્થિત થાય છે. શ્રી જયંતીભાઇની દીકરી પૂ. માને એમના ઉપવાસો અંગે પ્રશ્ન પૂછે છે.

( પૃષ્ઠ ૫૧ ઉપર )



# ડૉ. અમીનની સાધનાના કેટલાંક પારિભાષિક શબ્દોની સમજ

(ગતાંકથી ચાલુ) લે : પુષ્કર ચંદરવાકર

(૨) યોગમાં વપરાતા પારિભાષિક શબ્દોની સમજ:–

(અ) શાંભવીમુદ્રા:–ભગવાન શંકરની યોગમુદ્રા શાંભવી મુદ્રા તરીકે ઓળખાય છે. શંકર શંભુ પરથી શાંભવી શબ્દ વ્યુત્પન્ન થયેલ લાગે છે. તે અંગે એક સંસ્કૃત શ્લોક આ પ્રમાણે છે.

अंतर्लक्ष्य बहिः दृष्टिः निमिषोन्मेष वर्जिता ।
सा भावेत् शांभवी मुद्रा सर्व तंत्रेषु गोपीता ॥

શાંભવી મુદ્રામાં યોગીનું લક્ષ્ય અંદર હોય. ભલે દૃષ્ટિ બહિર્ હોય. નિમિષ અને ઉન્મેષનો ત્યાગ કરવો જોઇએ. 'નિમિષ અને ઉન્મેષ' કહેતાં આંખના પલકારા. સર્વ તંત્રથી ગોપનીય થવું જોઇએ. ત્યારે જ યોગી શાંભવી મુદ્રાને પ્રાપ્ત કરી શકતો હોય છે.

બીજો શ્લોક આમ છે.:–

नेत्रो ज्ञने समालोक्य आत्मारामं निरीक्षयेत् ।
सा भवेच्छांभवी मुद्रा सर्वतंत्रेषु गोपीता ॥

સ્થિર દૃષ્ટિથી આત્માને નિહાળવો તેને શાંભવી મુદ્રા કહે છે. આ મુદ્રા બધાં દેહતંત્રોને ગુપ્ત માની છે.

ડૉ. અમીન લખે છે કે 'આ જ મુદ્રા વડે ભગવાન શંભુ-શંકરે કામદેવને બાળીને ભસ્મ કરી દીધો. યોગીઓએ પણ કામને જીતવાનો છે. જે મુદ્રાથી ભગવાન શંકરે કામદેવને જીત્યો છે, તે છે શાંભવી મુદ્રા. ભગવાન શંકરે તો

કામદેવને બાળીને ભસ્મ કરેલો. આજ યોગ સાધનાથી જગતમાં સર્વપ્રથમ ભગવાન શંકરે આ યોગ–મુદ્રા સિદ્ધ કરેલ હોવાનું મનાય છે. માટે તે મુદ્રા શાંભવી મુદ્રા તરીકે ખ્યાત થઈ. કામને જીતનાર અને તેવી પ્રબળ ઇચ્છાશકિત ધરાવનાર આ મુદ્રાને ઉપાસે છે. યોગીની દૃષ્ટિ જીતાયેલા વાયુ પર સ્થિર રહે છે. વાયુની સ્થિરતા થતાં બિંદુની પણ સ્થિરતા થાય છે. આમાં વાયુ એટલો બધો સ્થિર થાય છે કે પછી બિંદુનું પતન થતું નથી અને તે પણ સ્થિર થાય છે ત્યારે આંખો પણ સ્થિર થઈ જાય છે. અન્ય શબ્દોમાં કહી શકાય કે તેમના સ્નાયુ દ્વારા આ યોગમુદ્રા થાય છે. 'હઠયોગ પ્રદીપિકા'માં કહ્યું છે કેઃ–

श्री शांभव्याश्च खेचर्या अवस्थाधामभेदतः ।
भवेच्चित्तलयानन्दः शून्ये चित्सुखरूपिणी ॥

ખેચરી મુદ્રામાં દૃષ્ટિ ભ્રૂમધ્યમાં સ્થપાયેલી રહે છે. અર્થાત્ તે દૃષ્ટિથી અંતઃ સ્થિતિ થાય છે. શાંભવી મુદ્રામાં દૃષ્ટિ બ્રહ્મ-પ્રદેશમાં ઠરેલી હોય છે. જો કે તે વખતે તે કાંઈ જોતી નથી. છતાં આત્મામાં ચિત્તનો લય થાય છે. આ બંને મુદ્રાઓમાં.

(આ) લોમ-વિલોમઃ–ડૉ. અમીન લખે છે કે સીધા મંત્ર-જપ ને લોમ કહેવામાં આવે છે. જેમકે ॐ નમઃ શિવાય મંત્રના સ્વરવ્યંજન છૂટા પાડવા સિવાય મંત્રાક્ષરોને ઉલટા કરી જપ કરવામાં આવે તેને 'અજન્ત વિલોમ' કહેવામાં આવે છે, અને મંત્રના પ્રત્યેક અક્ષરના સ્વર–વ્યંજનને છૂટા પાડી પ્રથમ સ્વર અને પછી વ્યંજન ઉપર ભાર મૂકીને ઉલટા જપ કરવામાં આવે તેને 'હલન્ત વિલોમ' જપ કહેવામાં આવે છે.

લોમ જપ કરતાં અજન્ત વિલોમ જપથી પ્રાણબળ વિશેષ વધે છે. હલન્ત વિલોમ જપથી તો અદ્દભુત રીતે પ્રાણબળનો વધારો થાય છે. લોમ-વિલોમ જપ સાથે કરવાથી પ્રાણબળ



અને મનોબળ આશ્ચર્યજનક રીતે વધે છે. ધીરજ અને નિષ્ઠા પણ તેનાથી વધે છે. શરીરમાંથી વાત કફ અને પિત્તના દોષોનો તેનાથી નાશ થાય છે. આ પ્રત્યક્ષ પ્રાયોગાત્મક ભારતીય મંત્રવિજ્ઞાન રૂગ્ણવિજ્ઞાન પણ છે. દોષનાશક ઔષધની ગરજ સારે છે. આ અનુભવગમ્ય સાધન છે.

કોઇ પણ વળ ચઢાવેલી દોરીને તેના અવળા ક્રમમાં વળ દેવાથી તે ઉકલે છે. અર્થાત્ દોરીનું મૂળ સ્વરૂપ બને છે. સાધકની મંત્ર જપની શરૂઆતમાં મંત્રાક્ષર કે કલ્પિત દેવદેવી તરફ ધ્યાન મગ્ન હોવા છતાં પણ અનેક સૂક્ષ્મ વિચારો સંક્રમિત થાય છે. મંત્રજપનો એક લય (अंरीधम्) છે. તેનો પ્રથમ વળ ચઢે છે. તેની સાથે તેનાં સૂક્ષ્મ વિચારો પણ આ રીધમ સાથે વળાંક લે છે. આ વળાંકને લીધે જાણ્યે-અજાણ્યે થયેલી ઇચ્છાઓ ઘનીભૂત થાય છે. પરિણામે કર્મ તરફ પ્રોત્સાહિત થઇ ક્રિયાશક્તિમાં પરિણમે છે. મંત્રના નિત્ય જપથી ઇચ્છાશક્તિ ( सायकिक पावर, ) પ્રબળ બને છે. પરંતુ કર્મનો સમૂળગો લોપ થતો નથી. લોમ જપથી અધુ ફળ મળે છે. કારણ કે મંત્રરૂપી એક અર્ધો 'સરકીટ' તૈયાર થાય છે. પરંતુ જ્યારે વિલોમ જપવામાં આવે ત્યારે પૂર્ણ સરકીટ ( टू फोल्ड सरकीट ) તૈયાર થાય છે. એટલે ચઢેલો વળ ઊતરે છે. વિલોમ પદ્ધતિ દ્વારા આપણી વૃત્તિઓનું ઉર્ધ્વીકરણ થાય છે. આ સાધનમાં ભુક્તિ અને મુક્તિ ઉભય ફળ આપવાની શક્તિ છે.

અજન્ત વિલોમઃ–

ॐ યાત્દચો પ્રનઃ યો યો ધિ હિ મ ધી સ્ય વદે ર્ગો ભ ણ્યં રે વ તુર્ વિ સ તત્ ॐ સ્વઃ વઃ ભુ ભુર્ ॐ ।।

હલન્ત વિલોમઃ–

મ્વ તાય્ અદ્ ઓ ચ્ અર્પ્ હન્ ઓય્ ઇધ્ ઈહ્ અમ

ઇધ્ અદ્દસ્ અવ્ એદ્ઘ ઓગૂર્ અભ્ મયૂણ્ એર્ અવૂ રુત્ ઇવ્ અસ્ તત્ સ્વ હવૂસૂ હવ્ ઉભ્ રુભ્ સ્વ ॥

[ઇ] પ્રણુવ બ્રહ્મ રુદ્ર અને સંપૂટઃ–"કોઈ પણ મંત્રના પ્રત્યેક અક્ષરની આગળ અને પાછળ એક એક પ્રણુવને ૐ જોડીને જપ કરવાની ક્રિયાને પ્રણુવસંપૂટ કહે છે. એવી રીતે પ્રત્યેક અક્ષરની આગળ અને પાછળ 'બ્રહ્મ' અને 'રુદ્ર' શબ્દ જોડીને જપ કરવાની ક્રિયાને અનુક્રમે બ્રહ્મસંપૂટ અને રુદ્રસંપૂટ કહે છે.

મંત્રજપ કરનારનું મન ક્યાંય ભટકતું ફરે છે. કલાકો સુધી અભાન દશામાં અને યંત્રવત્ દશામાં ઘણા સાધકો મંત્રજપ કરતા હોય છે. તેથી સાધકના મનની જે ઉત્તરોત્તર ભૂમિકા છે તેનો વિકાસ થઇ શકતો નથી. જ્યારે લોમ-વિલોમ જપ અને સંપૂટ વિધિ ના જપ કરવાથી તો પોતાની મનની સ્થિતિને સતત અભાન અવસ્થામાં જોઇ શકશે. પોતાના ધ્યેય કે આદર્શ અનુરૂપ મનને તૈયાર કરી પ્રાણ ઉપર કાબૂ મેળવી જીવનને પૂર્ણતા તરફ વાળી શકશે.

બ્રહ્મસંપૂટ જપ કરવાથી બ્રહ્મભાવ જાગે છે. ભાવનામાં સંકુચિતપણું ને તુચ્છતા હોય તો તે નાશ પામે છે. રુદ્ર-સંપૂટથી અહંકારની શુદ્ધિ થાય છે. સંપૂટ જપવિધિ અલૌકિક સાધન છે. સાધકો માટે તેમ જ સંસારીઓ માટે ચિત્ત-વૃત્તિના દોષનિવારણનું તે એક ઔષધ છે. સાથોસાથ સ્વાસ્થ્ય કાજે પણ.

[ઈ] બ્રહ્મઃ–બ્રહ્મને કવિ શ્રી ઉમાશંકરભાઇ જોશી આમ સમજાવે છે." બ્રહ્મ જે 'બૃહત્' બહોળું વિશાળ છે. તે...તે તત્ત્વમાં ભૂમાપણું પણ છે. આમ તો બ્રહ્મ શબ્દમાંથી અનેક અર્થો ઘટાવી શકાય છે. સંસ્કૃત શબ્દોના કોશકાર શ્રી આ એ તેમના સંસ્કૃત શબ્દકોશમાં



બ્રહ્મને પરમ તત્ત્વ अः सुप्रिम स्पिरिट તરીકે સમજાવે છે. બ્રહ્મન્ શબ્દ માટે લખે છે કે પરમતત્ત્વ છે જે તત્ત્વ અલિપ્ત રહે છે. પ્રકૃતિ ને માયાથી સંસારના ભિન્ન ભિન્ન વ્યવહારોથી તેમ છતાંય આ દૃશ્ય જગતની ઉત્પત્તિ પણ તેના લીધે છે. તે તત્ત્વ જ સર્વશકિતમાન છે. તે જ પ્રભૂતિ સ્થિતિ ને લયનું કરનાર તત્ત્વ છે. સંસ્કૃત ભાષામાં બ્રહ્મ માટેની ઉકિત છે. अस्तिं तावन्नित्य शुद्धबुद्ध मुक्तस्वभाव सर्वजं सर्वशक्ति समन्वितं ब्रह्म । બ્રહ્મ એક વિરાટ ને વ્યાપેલ તેમ જ પ્રસરેલ શકિત છે. જે ચિત્તશકિત અને પ્રાણશકિતને જન્મ આપે છે. તે નિત્ય શુદ્ધ ને મુકત સ્વાભાવની સર્જક-શક્તિ છે. મુક્ત સ્વભાવને અહીં ઘટાવી શકાય પરા–અપરા શકિતથી પણ મુકત. આમ, બ્રહ્મશબ્દમાં વિશાળતા ને વ્યાપ-કતાની સાથે માનવને નિત્ય શુદ્ધ કરનાર ને સંસારના બંધનોથી મુકત કરનાર મહાશકિત–બળ તરીકે સમજી શકાય.

[ઉ] શ્રીવિદ્યામંત્રોઃ–શ્રીવિદ્યામંત્ર તે જપમંત્ર છે. તેમાં સોળ અક્ષરો હોય છે. તે આ પ્રમાણે છે. ક એ ઇલ હ્રીં, હ સ ક હ લ હ્રીં, સ ક લ હ્રીં શ્રીં ॥

શ્રી ત્રિપુરા ગાયત્રીમંત્રને પણ જપમંત્ર તરીકે લેવામાં આવે છે. તેમાં છવ્વીસ અક્ષરો છે.

ૐ કુલકુમારી વિદ્મહે, મંત્ર કોટી સુધીમહિ ।
તન્નઃ કૌલિઃ પ્રચોદયાત્ ૐ ॥

[ઊ] મહાગાયત્રી મંત્રઃ–તે શ્રી બલાતિબલા મહામંત્ર તરીકે પણ ખ્યાત છે. તેમાં એક સો ત્રણ અક્ષરો છે. તે એક સો અઠ્ઠાવન માત્રા છે. આ મંત્ર सावित्र्युपनिषत् માંથી પ્રાપ્ત થાય છે. જે આ પ્રમાણે છે.

ૐ હ્રીં બલે મહાદેવી હ્રીં મહાબલે,
ક્લીં ચતુર્વિધ પુરુષાર્થ સિદ્ધિપદે.

તત્ સવિતુર્ વરદાત્મિકે હ્રીં વરેણ્યં,
ભર્ગોદેવસ્ય વરદાત્મિકે.
અતિબલે સર્વદયામૂર્તે બલે સર્વક્ષુદ્,
ભ્રમોપનાશિનિ ધીમહિ.
ધિયો યો નો જાતે પ્રચુર્યઃ યા,
પ્રચોદયાદાત્મિકે પ્રણવશિરસ્કાત્મિકે.
હુમ્ ફટ્ સ્વાહા ૐ.

ડો. અમીનની સાથે ઈ. સ. ૧૯૬૦ થી ઇ. સ. ૧૯૬૩ સુધી હતો. ત્યારે તેમની આ દશા પ્રકટ જતી થઇ. પણ અન્ય અધ્યાયપકોમાં તે જુદા પડતા. તેમનામાં નિષ્ઠા, પ્રામાણિકતા, સત્યપ્રિયતા, સરળતા ને સહિષ્ણુતા અદ્વિતીય પ્રકારના નજરે ચડતા. તેમ જ દોષનો સ્વીકાર ને અમાનીત્વ પણ તેઓમાં અનન્ય જોવા મળતા હતા. આથી અમારા વચ્ચે ત્યારે જ દૃઢ અનુબંધ બંધાયો. ત્યારબાદ દેહથી અમે છૂટા પડ્યા. પણ તેઓમાં એક લોહચુંબક છે. જે દૂર જવા દેતું નથી. પરિણામે આજે ચોવ્વીસ વર્ષ અલગ થયાને થયાં. ને જ્યારે જ્ઞાનકિરણ ચિત્તમાં ચમક્યું ત્યારે ડો. અમીને માત્ર પત્રવ્યવહારથી ઠીક સંપત્તિ સંપડાવી. જો કે આવા સાધકો અને સંન્યાસીઓના ઠીક પરિચયમાં આવવાનું થયું છે. ભગવા વસ્ત્રના ધારણ કરનારમાંથી જૂજ-માંથી અહમ્ તત્ત્વ, લોકૈષણાને માનીપણાનો ક્ષય થયેલ જોવા મળે છે. જ્યારે બુશશર્ટ ને પાટલૂનમાં સજ્જ કદીક ટાઇ પણ ખરી એવા આ સાધકમાં શ્રીમદ્ ભગવત્ ગીતામાંના ભક્તજનના સ્થિતપ્રજ્ઞના અને ત્રિગુણાતીતના વિરલ ગુણોમાંથી ઘણા જોવા મળે છે. ને માટે જ તેઓ કોલેજના આચાર્યપદ જેવા સંસાર–દૃષ્ટિએ મોભાવાળા પદને ત્યાગી એક અધ્યાપક તરીકે સાધક જીવન જીવી રહ્યા છે. જે ગુજરાતના ઉચ્ચ



શિક્ષણ ક્ષેત્રના તેજસ્વી તારક છે.

યોગ માટે તો ભારતમાં સંસ્કૃત ભાષામાં, અંગ્રેજીમાં ને ગુજરાતીમાં પ્રમાણબદ્ધ સાહિત્ય ઘણું છે. શ્રીમદ્ ભાગવદ્ ગીતાનો છઠ્ઠો અધ્યાય તેને નિર્દેશે છે. યોગ અને સાધના માટે તેનાથી પ્રારંભ કરીને સાધકોના યોગજીવનમાં ડોકિયું કરવાથી તે કેડી પ્રાપ્ત થાય છે. પૂ. શ્રી યોગેશ્વરજીની આત્મકથા ‘ પ્રકાશના પંથે ’ માંથી પણ યોગ અંગેનું વ્યવહારુ જ્ઞાન પ્રાપ્ત થાય છે, સંસારી માટે તે જરૂરી છે. એવું મંતવ્ય ધરાવું છું કેમકે યોગને ઘનિષ્ઠ અનુબંધ તરીકે પણ ઘટાવી શકાય.

જીવનમાં યોગ સંસારીના માટે શરીર સુખ અને ચિત્ત-શાંતિ માટે જરૂરી છે. તેવું તારતમ્ય ડો. અમીનના યોગ-જીવન અને સાધક જીવનના અનુભવોની ફલશ્રુતિ રૂપે છે.

( આ લેખકના તાજેતરમાં પ્રસિદ્ધ થનાર ડો. જે. પી. અમીન : “ એક સાધક અધ્યાપક ” ગ્રંથમાંથી. )

બોલવામાં અને ખાવામાં સંયમ રાખો.
પ્રાર્થના એ આત્માનો ખોરાક છે.
પવિત્ર હૃદયની પ્રાર્થના કદી નિષ્ફળ જતી નથી.
નિરાશા ખતરનાક છે એ વાત ખરી પણ ખોટી આશા તો એથીયે વધુ ખતરનાક છે.

## શ્રીપાદ વલ્લભ દિગંબરા !

काषांय वस्त्रं करदण्डधारिणं
कमंडलुं पद्मकरेण शंखं ।
चक्रं गदाभूषित भूषणाढ्यं
श्रीपादराजं शरणं प्रपद्ये ॥

દિગંબરા, દિગંબરા, શ્રીપાદ વલ્લભ દિગંબરા !
તવ ચરણે રહેજો અમ પ્રીતિ,
હૃદિયામાં સાચી સંસ્કૃતિ;
શૌર્યતણી હો પરંપરા, શ્રીપાદ વલ્લભ દિગંબરા ! -૧
અ-ત્રિ છે ત્રિગુણોથી ઉપર,
અનસૂયા અસૂયાથી છે પર;
દત્તા બની તું આવ્યો વીરા, શ્રીપાદ વલ્લભ દિગંબરા ! -૨
સત્કાર્યોનો તું છે સર્જક,
સદ્‌વિચારનો સાચો પોષક;
દુષ્ટ વૃત્તિને હણનારા, શ્રીપાદ વલ્લભ દિગંબરા ! -૩
બ્રહ્મા સર્જક તું માં સમાયો,
વિષ્ણુ પોષક થઈને આવ્યો;
સંહારે શિવ બનનારા, શ્રીપાદ વલ્લભ દિગંબરા ! -૪
દત્તગુરુ જય દત્ત ગુરુ,
નામ રહો હૃદયે મધુરું;
જીવનદાનના દેનારા શ્રીપાદ વલ્લભ દિગંબરા ! -૫
લીધું કામ કરો પૂરું,
મૂકો ના કો' દિ' અધૂરું;
કર્મયોગ અવિરત ધારા, શ્રીપાદ વલ્લભ દિગંબરા ! -૬
તવ ચરણે એ દીક્ષા લેવી,
જીવનનિષ્ઠા હો તુજ જેવી;
સંકટમાં નહિ ડરનારા, શ્રીપાદ વલ્લભ દિગંબરા ! -૭
દિગંબરા, દિગંબરા, શ્રીપાદ વલ્લભ દિગંબરા !

–રંગ અવધૂત



# રમણ મહર્ષિના ભક્તો

મૂળલેખકઃ–પૂ. યોગેશ્વરજી
રજૂઆતઃ–ઉપેન્દ્ર કે. ઝિંઝુવાડિયા

## યોગી રામૈયા

મહર્ષિના પરિચયમાં આવેલા, એમને ગુરુભાવે જોનારા અને એમના મહામૂલ્યવાન માર્ગદર્શનને મેળવીને જીવનને સાધનાપરાયણ, ઉજ્જવળ અને કૃતાર્થ કરનારા એકબીજા અસાધારણ સંસ્કારસંપન્ન આત્મા યોગી રામૈયા છે. એમને યોગી કહેવામાં આવે છે એ યોગ્ય જ છે. સાચું કહીએ તો એ યોગી જ નહિ, મહાયોગી હતા. મહર્ષિના અનુગ્રહથી આત્મસાધના કરીને મહાયોગીપદે પહોંચેલા. મહર્ષિના સંસર્ગમાં આવેલાં પરમપ્રતાપી પ્રકાશપૂર્ણ નક્ષત્રોમાં એમનું સ્થાન ખૂબજ આગળ પડતું હતું.

પોલ બ્રન્ટન તેમના લખેલ પુસ્તક 'એ સર્ચ ઈન સિક્રેટ ઇન્ડિયા'માં યોગી રામૈયા વિશે ઉલ્લેખ કરતાં જણાવે છે કેઃ–

એ શાંત પ્રકૃતિના પુરુષને મહર્ષિના હોલમાં પ્રવેશતા જોઈને પ્રથમવાર જ મારા પર એ એક મહાન યોગી હોવાની છાપ પડી. મહર્ષિએ એમનો સ્મિતપૂર્વક સત્કાર કર્યો એ જ એમની વિશેષતાને વ્યક્ત કરવા માટે પૂરતું હતું. એ એમની આગળ શાંતિપૂર્વક બેસી ગયા અને એમણે ધ્યાનાવસ્થામાં નેત્રોને મીંચી દીધા ત્યારે મને ભગવાન બુદ્ધની સ્મૃતિ થઈ આવી. એ એવા જ નિર્વિકાર દેખાવા માંડ્યાં. એમનો આત્મા અતિશય અલૌકિક છે એવી મારી ખાતરી થઈ.

પોલ બ્રન્ટને એ સુંદર સર્વોપયોગી પુસ્તકમાં યોગી રામૈયા વિશે કેટલીક વિગતોને રજૂ કરી છે. એથી એમનું વર્ણન

ખૂબ જ રોચક બનેલ છે.

એક પ્રસંગે પોલ બ્રન્ટન ભોજનાદિથી નિવૃત્ત થઇને બપોરે એમના ઉતારા પર પહોંચ્યા ત્યારે એમના આશ્ચર્ય વચ્ચે એમની કુટિરમાં એમની પથારી પાસે એક ભયંકર સાપ પડેલો. એને જોઇને એમને ભય લાગ્યો. સાપ શાંતિપૂર્વક પડી રહેલો પરંતુ એને નિહાળીને એ એકદમ અશાંત બનીને કુટિરના પ્રવેશદ્વાર આગળ જ ઉભા રહ્યા. અંદર પ્રવેશવાની એમની હિંમત ના ચાલી. સાપ સ્થિતપ્રજ્ઞની પેઠે પડી રહ્યો. એમણે એને બહાર કાઢવાના પૂરતા પ્રયત્નો કર્યા પરંતુ સફળ ના થયા. આજુબાજુ બીજુ કોઈ દેખાયું પણ નહિ. એ ખૂબ જ ગભરાઈ ગયા. શું કરવું તે સમજાયું નહિ. કુટિરમાં પ્રવેશ કેવી રીતે કરવો તેનો નિર્ણય એ ના કરી શકયા. એટલામાં દૂરથી રામૈયા આવતા દેખાયા એ એમની જ દિશામાં, એ જ બાજુએ આવતા હતા. રામૈયાએ અંદર જોયું. એ સઘળી પરિસ્થિતિ સમજી ગયા. બ્રન્ટનના ભય અને આશ્ચર્યની પરવા કર્યા વિના એ સીધા અંદર ચાલ્યા. રામૈયા મૌનવ્રત પાળતા હોવાથી કશું પણ બોલ્યા સિવાય સાપ પાસે પહોંચી ગયા. એમણે સાપને શું કર્યું તે ના સમજાયું. પરંતુ થોડી જ વારમાં પોતાની ફણા ઊંચી કરીને એમના તરફ જોવા માંડયું; એ પછી એમની આજ્ઞાનો આજ્ઞાંકિત સેવકની પેઠે અમલ કરતો હોય તેમ ધીમેથી કોઇપણ પ્રકારના ઉપદ્રવ વિના બહાર નીકળવા લાગ્યો. બહાર નીકળીને એ અરુણાચલના ઘોર અરણ્ય તરફ વેગપૂર્વક વિદાય થઈ ગયો.

બ્રન્ટન માટે એ આખુંય દશ્ય આશ્ચર્યકારક અને અવનવું હતું. કોઈની સાંભળેલી વાત પરથી એવી હકીકતને કદાચ એ ના માનત. પરંતુ એ પ્રસંગ તો પ્રત્યક્ષ અનુભવનો હોવાથી એને માનવા ન માનવાનો કોઇ સવાલ જ



નહોતો ઊઠતો. એની અંદર વિશ્વાસ રાખ્યા સિવાય છૂટકો જ નહોતો. માનવીની અંદર આટલી બધી લોહચુંબકીય આકર્ષણશકિત હોય છે તેની એમને કલ્પના પણ ન હતી. મહર્ષિની વિશેષ શકિતસંબંધી તો એમણે ઘણું બધું સાંભળેલું. એ બધું સાંભળીને તો એ આટલે બધે દૂર એમના દર્શને આવેલા. પરંતુ એમના જ આશ્રમમાં રહેતા આ અદ્ભુત યોગીપુરુષની અસાધારણ શક્તિ કે યોગ્યતાને જોઇને એ એકદમ આશ્ચર્યચકિત થઇ ગયા. કૃષ્ણવર્ણના કૃશકાય રામૈયાની અંદર આવો અલૌકિક ઓજસ્વી આત્મા વસતો હશે એનું અનુમાન પણ એ નહોતા કરી શકયા. એ પ્રસંગ પછી બ્રન્ટનનો યોગી રામૈયા ઉપર પ્રેમ અને આદરભાવ વધી ગયો. એ સમજી શકયા કે રામૈયા બહારથી જોતાં સર્વસાધારણ સરખા દેખાતા હોવા છતાં એક મહામૂલ્યવાન છૂપુ રત્ન છે. એમનો અધિકાઅધિક સંગ કરવાની અને લાભ ઉઠાવવાની એમને ઇચ્છા થઇ. એ ઇચ્છાની પૂર્તિનો પ્રત્યેક અવસર એમને માટે ચિરસ્મરણીય અને આનંદદાયક થઇ પડ્યો. એમના પરિચયને એ પોતાના સાધનામય શ્રેયસ્કર જીવનનું સૌભાગ્ય સમજવા લાગ્યા.

બ્રન્ટને રામૈયાની અસાધારણ શકિતને દર્શાવનારા એવા જ એક બીજા પ્રસંગનો પણ ઉલ્લેખ કર્યો છે. રમણાશ્રમના સુખદ શાંત નિવાસના દિવસો દરમ્યાન એકવાર એમના પર પરદેશથી એક પત્ર આવ્યો. એ પત્રના સમાચાર વ્યવસાય વિષયક વિપરીત કે કરુણ હોવાથી એમના ચિત્તતંત્ર પર એમનો પ્રભાવ પડ્યા વિના ના રહ્યો. એ સમાચાર શોકજનક, કલેશકારક અને એમના આગામી જીવનને અશુભ અસર પહોંચાડનારા હોવાથી એ ઉદાસ, નિરાશ, નાહિંમત તથા દુઃખી બની ગયા. એમનું મગજ ભમવા માંડયું ને શું

કરવું તેની એમને સમજ ના પડી. જીવનનો સઘળો રસ જતો રહ્યો ને આજુબાજુ બધે અંધકાર દેખાવા લાગ્યો. એ દિવસે એમને યોગી રામૈયાનું સ્મરણ થયું. રામૈયા પણ એકાએક આવી પહોંચ્યા અને એમને લઇને અરુણાચલ પર્વત પર ચાલ્યા. લાંબા વખત લગી ચાલ્યા પછી એ પર્વત પરના એક અત્યંત, આકર્ષક, આનંદદાયક, સુંદર, શાંત, સ્થાનમાં આવી પહોંચ્યા.

રામૈયાએ ત્યાં બ્રન્ટનને પોતાની સામે બેસવાનું કહ્યું. બ્રન્ટને સૂચનાનું પાલન કર્યું. ધીમે ધીમે રામૈયા આંખ બંધ કરીને ઊંડા ધ્યાનમાં લીન બની ગયા બ્રન્ટનનું મન ધ્યાનમાં લગાડવા યોગ્ય ન હતું. એની ઉપર પેલા પત્રનો પ્રતિકૂળ પ્રભાવ પડ્યો હોવાથી અનેક પ્રકારના સંકલ્પ-વિકલ્પોના પરપોટાઓ પેદા થતા અને ફૂટ્યા કરતા. અરુણાચલની ઊંડી સનાતન શાંતિ એની કશી અસર નહોતી કરી શકતી પરંતુ ક્રમે-ક્રમે એની ઉપર રામૈયાના આત્મબળની અસર થવા માંડી. એ અસરને પરિણામે બ્રન્ટનને આંખ મિંચવાનું મન થયું એ આંખ મીંચીને એ મહાયોગીની સામે ધ્યાનમાં બેઠા એટલે કોઈક ચમત્કૃતિનો અનુભવ થતો હોય તેમ એમના મનમાંથી આપોઆપ વિપરીત, વિરોધી, વિઘાતક, વિચારો ધીમે-ધીમે શાંત થતા ગયા અને એમનું સ્થાન વધારે સારા શાંત ઉત્સાહ-વર્ધક, આશાજનક વિચારોએ લેવા માંડ્યું. એ વિચારોના તરંગો યોગી રામૈયા પ્રેરિત હોય તેવી અનુભૂતિ થઇ. એમના જ પરિપૂર્ણ પરમ પવિત્ર પ્રકાશભંડારમાંથી એ અવનવાં પ્રકાશ સ્ફૂલિંગો પેદા થઇને પ્રસ્થાન કરતાં હોય તેવું લાગ્યા વિના ના રહ્યું. એમના આંતરમનનું એ મહાન યોગીના શક્તિ-સંચારક પ્રાણદાયક સાંનિધ્યમાં જાણે કે પરિવર્તન થતું ગયું.

થોડા વખતમાં તો એમની કાયાપલટ થઇ ગઇ, ચિંતા ટળી



ગઇ, ભીતિ મરી ગઇ, આશંકાનો અંત આવ્યો અને અશાંતિનું શમન થયું. એ આંખ ખોલીને રામૈયા તરફ જોઈ રહ્યા. એમણે એવું તે કેવુંક કામણ કર્યું ? એમની અસાધારણ શક્તિથી એમના ઊંડાણમાં ઉતરીને એમણે સઘળી સમસ્યાનો સુખદ ઉકેલ કરી આપ્યો. એમને શાંતિ બક્ષી, અને અણીને વખતે અત્યંત આવશ્યકતા હતી ત્યારે એમને નવજીવનનું અવનવી આશા અને પ્રેરણાનું પ્રદાન કર્યું. એમનો એ ઉપકાર કેવી રીતે ભૂલી શકાય ? એ યોગીની આકર્ષક આકૃતિ તરફ ભારે આદરપૂર્વક જોઇ રહ્યા. એટલામાં તો રામૈયાએ આંખ ખોલી. એમાંથી જાણે કે અમૃતનાં અલૌકિક કિરણો નીકળ્યાં. એ કિરણો એમનાં અંગોપાંગમાં ફરી વળ્યાં. એમનું જીવન જાણે કે ધન્ય બન્યું. કેટલો બધો સુંદર વિલક્ષણ અનુભવ ! રામૈયાએ બ્રન્ટનને નિહાળીને બધી પરિસ્થિતિ માપી લીધી. એમના આંતર-પરિવર્તનને જાણીને એમને સંતોષ થયો. બ્રન્ટને એમને આદરપૂર્વક પ્રણામ કર્યા. (અપૂર્ણ)

શ્રી યોગેશ્વર કૃપા.

**સંદીપ વેલ્ડીંગ વર્કસ**

**ગ્રીલ, દરવાજા તેમજ મેઈનગેટના સ્પેશ્યાલીસ્ટ**
**તેમજ**
**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫ ૦૦૭.

# યાંત્રિક જીવનગતિ અને બચાવ

ભાઈલાલભાઈ છાટબાર

જગમશહૂર રશિયન લેખક મેક્સિમ ગોર્કીએ એક પ્રસંગ નોંધ્યો છે :

રશિયન ક્રાંતિના પ્રારંભના વર્ષોમાં રશિયાની ગ્રામ્યજનતાને વિજ્ઞાનનો મહિમા સમજાવતા તે કહેતા હતા કે-માણસ આકાશમાં રહે છે, સમુદ્ર પર રહે છે, સમુદ્રની નીચે પણ રહેવાની આવડત તેણે કેળવી છે..........એક બુઢ્ઢાએ હળવેથી કહ્યું કે—હા, પણ પૃથ્વી પર રહેવાની આવડત હજી માણસમાં નથી આવી.

સહાનુભૂતિ નામની એક ચીજ છે. નિકટ વસતા માણસ માણસ વચ્ચે, માણસ અને સમાજ વચ્ચે, માણસ અને સમસ્ત માનવકુળ વચ્ચે જે ઘટનાઓ ઘટે છે, તેની પ્રત્યે માણસને સહાનુભૂતિ હોવી જોઇએ–નહિ તો માણસ સહૃદયતા ગુમાવી બેસે છે. બધી અનુભૂતિઓ સાથે માણસને બૃહદ્ માનવકુળની સંવેદનાની અનુભૂતિ થવી જોઇએ. આવી ઓતપ્રોતતા વ્યક્તિત્વના પ્રકારભેદે અને ચેતનાના સ્તરભેદે સંવાદિતા સર્જે છે.

અસ્તિત્વ ઐશ્વર્ય અને આનંદ છે અને અસ્તિત્વની ઓળખ માણસને નિત્યવસંતની તાઝગી આપે છે. અસ્તિત્વના ઉત્સવમાં ચોદિશ સંગીત–નૃત્ય ચાલી રહેલ છે.

પશુપંખી જગત, વનસ્પતિ જગત, ફળફૂલનું ડોલન, હવાની લહેર, નદીઝરણાંનો કલકલ ધ્વનિ, સાગરનાં મોજાં-ઓનું ગીતગુંજન અને નર્તન-સર્વત્ર પ્રકૃતિનો નૃત્ય–સંગીતનો મહોત્સવ ચાલી રહ્યો છે. માણસે પણ અસ્તિત્વની આ



લીલામાં સામેલ થઈને પૃથ્વીનું સ્વર્ગીકરણ કરવાનું છે-અસ્તિત્વનું અમૃત માણવાનું છે.

અસ્તિત્વનો મુખ્ય ઉદ્દેશ અને માંગ–બુદ્ધિશીલ માણસ જાગરૂક બનીને નિજ અસ્તિત્વને ઓળખે, તેના અખંડ આનંદને પામે અને સ્વયંમાં ક્ષણે ક્ષણે પ્રસન્નતામાં જીવે એ છે.

પરંતુ માણસ આ યંત્રયુગમાં યંત્રોને સથવારે જીવીને કે તેને આધીન જિંદગીની ગતિવિધિ ગોઠવીને સ્વયં યંત્ર બની ગયો છે. સાંપ્રત કાળમાં માણસ મહદ્ અંશે યંત્ર બની જઇને, તેની પ્રાણપ્રકૃતિમાં શેષ બાકીની રહીસહી માનવીય સંવેદનશીલતા ગુમાવી રહ્યો છે.

બાહ્ય યાંત્રિક જગતની ભૌતિક અસરો, તેનાં પ્રલોભનો અને નિજી સ્વાર્થ સાધી લેવાની તીવ્ર મનોવૃત્તિએ માણસને ભૌતિકવાદી બનાવી દીધો છે. ચોતરફ નજર કરીએ. માણસો નહિ, માનવયંત્રો જ જોવા મળે છે. તેઓ બીબાઢાળ એક-સરખી યાંત્રિક જિંદગી જીવ્યે જતા હોય છે.

આપણે પિછાનતા હોઇએ છીએ તે બધા માણસ યંત્ર-રૂપ દેખાય છે. ભવિષ્યમાં પણ આવાં જ બીજાં માનવયંત્રોનો આપણે પરિચય પામવાના છીએ. માણસ–માણસ વચ્ચેના સંબંધની સંવેદનશીલતા નહિ પરંતુ જાણે કે યંત્ર–યંત્ર વચ્ચેના નિર્જીવ વ્યવહારનું માનવજીવનમાં નિત્ય દર્શન થાય છે.

માણસ યંત્રરૂપ જીવે છે અને મરણશરણ થાય છે–એવી કરુણાપ્રેરક અવસ્થા આજના માનવકુળના આ પ્રતિનિધિઓની છે. માણસ સવારથી રાત સુધી યંત્રવત્ દોડતો રહે છે. તે બેચેનીપૂર્ણ કાચી–પાકી ઊંઘ લઈ શકે છે કેમકે વળતા દિવસની ચિન્તાની લાય અને બળતરાની ચટપટી માણસના

દિમાગ ઉપર સ્વાર હોય છે.

બિસ્તરમાં પડ્યા પછી પણ માણસના દિમાગમાં વિચારોની ઘટમાળ નિરર્થક ચાલતી રહે છે. તે અનેક પ્રકારે ખોટા ગુણાકાર-ભાગાકાર, ભૂલભરેલા સરવાળા-બાદબાકી કરતો રહે છે અને ભારે જહેમત ઉઠાવ્યા છતાં ગૂંચ ઉકલતી નથી અને તે સાચો જવાબ પામતો નથી; તે ગડમથલમાં પડી જઈ ફાંફાં મારે છે અને પડખાં ઘસતો રહે છે.

આમ પડખાં ઘસતો ઘસતો માણસ અજંપાભરી સ્વપ્ન-છાયી ઊંઘમાં અજાણતાં સરી પડે છે. તેની ઊંઘ કાચીપાકી હોય છે. તેના નસીબમાં ગાઢ નિદ્રા હોતી નથી. ઊંડી ચેન-પૂર્ણ નિરાંતવાળી નિદ્રા તે પામતો નથી અને ઘસઘસાટ ઊંઘ પછીની તાઝગીથી તે વંચિત થઈ જાય છે. રાતદિવસ તે અજંપામાં જીવે છે.

હાલનો માણસ યંત્રવત્ જીવે છે. તેનાં બધાં કાર્યો, કૃતિઓ, શબ્દો, વિચારો, લાગણીઓ, માન્યતાઓ, અભિપ્રાયો અને આદતો-આ બધાં જ બહારની અસરો, બહારનાં અનુકરણોની ફલશ્રુતિ છે.

માણસ પરંપરાવાદી સમાજમાં અનેક માણસોનું વિના સમજ્યે અંધ અનુકરણ કરે છે. તે ગતાનુગતિક વિચારધારા, રૂઢિપરંપરામાં અટવાઈ જાય છે. તે અન્યના અભિપ્રાયોની શેહશરમમાં કે ટીકાટિપ્પણીના ભયના હાઉમાં જીવે છે. નિજી હસ્તીથી તે હજારો યોજન દૂર રહે છે.

જીવનની આ યાંત્રિકતા તેની ચરમસીમાએ પહોંચે એ જોખમી અને ભયપ્રદ છે.

'યંત્ર' હોવાની-બની રહેવાની અવસ્થાનો અંત આવી જાય તેવી શકયતા સમજદાર માણસ માટે છે. આ શકયતાની દિશામાં તેણે વિચારવું જોઇએ અને યંત્રવત્ જીવનની ઘરેડ-



માંથી બચવા તેણે કદમ ભરવાં જોઈએ.

અખંડ વ્યક્તિત્વની પ્રાપ્તિ તે અસ્તિત્વના પૂર્ણ વિકાસની સીમારેખા છે. તે માટે જાગરૂકતા પ્રથમ ચરણ છે. ખંડિત વ્યક્તિત્વ કદી અસ્તિત્વનો આનંદ પામી શકતું નથી.

રેલ્વે, મોટર, એરોપ્લેન જેવાં અસલ યંત્રોને ખુદને તો યંત્ર હોવાનું કદી ભાન ના થાય; પરંતુ માનવયંત્ર સ્વયં એક દિવસ બેહોશ અવસ્થામાંથી ભાનમાં આવી જાય એ માટે પૂરી સંભાવના છે.

માણસ જાગ્રત બની જઈ શકે તેવું છે કેમકે તેની પાસે મન બુદ્ધિ હૃદયની ઇશ્વરદત્ત મહામોલી સંપત્તિ છે.

માણસને યંત્ર હોવાનું ભાન થઈ જાય અને યંત્ર મટી જઇ જાગરૂક બની જાય, એ જાગરૂક અસ્તિત્વ પામવાનું પ્રથમ ચરણ છે. પોતાના યંત્રવત્ જીવનની સભાનતા તેનો યાંત્રિકતા-માંથી બચાવ કરે છે. સભાનતાની પશ્ચાદ્ભૂમિકામાં ઊભેલી જાગરૂકતા જાગેલા માણસની મદદે આવે છે. જાગરૂકતા તેને અસ્તિત્વનો આનંદ આપે છે અને અજંપાની કૃત્રિમ માધુરી-માંથી તે મુક્ત થઈ જાય છે. તેને પૃથ્વી પર સંવાદમય જીવન જીવવાની આવડત સાંપડી જાય છે. માનવયંત્ર આમ સાચા અર્થમાં માણસ-જાગેલો માણસ બને છે અને જીવનની ક્ષણે ક્ષણ જાગરૂકતામાં જીવતો જીવતો અસ્તિત્વનો આનંદ પામે છે.

*

મન, વાણી કે કલમથી કોઈની ટીકા કે નિંદા ન કરો.

ઈશ્વર સિવાય કોઈનો ભય ન રાખો.

ગમે તેવા સંકટમાં, ગમે તેવા સમયમાં સહન કરવાને લાયક દેહને બનાવો, મનને કેળવો.

સર્વ ધર્મના કેન્દ્રરૂપ એક પ્રભુનું શરણ માગો.

# પ્રભુ મંદિરની સીડીના અગિઆર પગથિયાં

ડો. નટવરલાલ દાણી

આધુનિક સમયમાં જે સંતપુરુષ થઈ ગયા અને જેના પ્રતાપે આપણે દેશની સ્વતંત્રતાનું સુખ અનુભવીએ છીએ તે મહાપુરુષ પૂ. મહાત્મા ગાંધીજીએ સ્થાપેલા સત્યાગ્રહ આશ્રમમાં આશ્રમવાસીઓ પ્રભુમય જીવન ગાળતા હતા. આ જીવનમાં ૧૧ વ્રતો મુખ્ય હતાં.

સત્ય, અહિંસા, ચોરી ન કરવી,
વણ જોતું નવ સંઘરવું;
બ્રહ્મચર્ય ને જાતે મહેનત,
કોઈએક ના અભડાવું.
અભય, સ્વદેશી, સ્વાદત્યાગને,
સર્વધર્મ સરખા ગણવા,
એ અગિઆર મહાવ્રત સમજી,
નમ્રપણે દૃઢ આચરવા.

આવાંજ સુવર્ણ સીડીનાં ૧૧ પગથિયાં થિયોસોફિકલ સોસાયટીના બે આદ્ય સ્થાપકોમાંના એક મેડમહેલેના પેટ્રોવીના બ્લેવેટસ્કીએ નીચે પ્રમાણે વર્ણવ્યાં છે.

થિયોસોફિકલ મંડળમાં સાધના શરૂ કરતા પહેલાં આ અગિયાર પગથિયાનું સ્મરણ કરવામાં આવે છે જેથી સાધક આ રીતે જીવન શુદ્ધ કરે.

આ પગથિયાં છે (૧) શુદ્ધ જીવન, (૨) નિખાલસ મન, (૩) નિર્મળ હૃદય, (૪) ઉત્સુક સમજ શક્તિ, (૫) આવરણ રહિત આધ્યાત્મિક દૃષ્ટિ, (૬) સર્વ પ્રત્યે બંધુભાવ, (૭)



સલાહ અને શિક્ષણ આપવા અને મેળવવા માટેની તત્પરતા, (૮) થયેલા અંગત અન્યાય સામે હિંમતપૂર્વક સહનશીલતા, (૯) સિદ્ધાન્તોની અભય જાહેરાત, (૧૦) અન્યાયથી જેમના ઉપર પ્રહાર થાય તેમનો હિંમતપૂર્વક બચાવ અને છેલ્લે, (૧૧) મનુષ્ય જાતિનો વિકાસ અને પૂર્ણતાનો આદર્શ, જેનું ગુપ્ત વિદ્યામાં વિવેચન કરવામાં આવ્યું છે, તે પરત્વે નિરંતર લક્ષ.

આ સુવર્ણ સીડીનાં પગથિયાં ચઢી ચાલો આપણે પ્રભુમંદિરમાં બિરાજતા પ્રભુના દર્શન કરીએ અને મુમુક્ષુત્વનો અનુભવ કરીએ. જ્યાં સુધી જીવનમાં સદાચાર નહિ વણાઈ જાય ત્યાં સુધી સાધનામાં કોઇ બળ પ્રાપ્ત નહિ થાય અને નરસિંહ મહેતાએ ગાયું છે તેમઃ—

જ્યાં લગી આતમ તત્ત્વ ચિન્યો નહિ,
ત્યાં લગી સાધના સર્વ જૂઠી.

તમારા વ્યવહારમાં દંભ કદી ન રાખો.

*

યુવાની એ મનુષ્યની જિંદગીનો મહામૂલો સમય છે.

*

બોલવામાં અને ખાવામાં સંયમ રાખો.

*

પ્રાર્થના એ આત્માનો ખોરાક છે.

*

પવિત્ર હૃદયની પ્રાર્થના કદી નિષ્ફળ જતી નથી.

# મૃત્યુ

સ્વામી શિવાનંદ (ઋષિકેશ)

મોટા વિજ્ઞાનશાસ્ત્રીઓ, અનેક અદ્‌ભૂત વસ્તુઓના સંશોધકો, ભવ્ય પુરુષાર્થના ચક્રવર્તીઓ, ક્રાન્તદર્શી કવિઓ, અદ્‌ભૂત કલાકારો, બ્રહ્મવેત્તાઓ, ઋષિઓ અને યોગીઓ આ સંસારમાં આવીને ચાલ્યા ગયા છે. તેમનું શું થયું તે જાણવાને આપણે બધા ખૂબ ઉત્સુક છીએ. શું તેઓનું અત્યારે પણ અસ્તિત્વ હશે? મૃત્યુને પેલે પાર શું છે? તેઓ તદ્દન નાશ પામ્યા છે કે શૂન્યમાં મળી ગયા છે? આવા પ્રશ્નો સહજ રીતે બધાના હૃદયમાં ઉત્પન્ન થાય છે. હજારો વર્ષ પહેલાં તેમજ આજે પણ તે જ પ્રશ્નો ઉદ્‌ભવે છે. કોઈ તેને અટકાવી શકે નહિ કેમકે તે માનવસ્વભાવ સાથે જ અખંડ જોડાયેલા છે.

સદાકાળથી મૃત્યુનો વિચાર ધર્મ અને ધાર્મિક જીવનમાં પ્રેરક બની રહ્યો છે. મૃત્યુ મનુષ્યને અમર જીવનની શોધ કરવા માટે પ્રેરે છે.

માનવ મૃત્યુથી ભય પામે છે. તેને મરવું ગમતું નથી. તેને સદાને માટે જીવવાની ઇચ્છા છે. અહીંથી જ તત્ત્વજ્ઞાનની શરૂઆત થાય છે. તત્ત્વજ્ઞાન આ બધી બાબતના રહસ્યોની શોધને અન્વેષણ કરે છે. તે બુલંદ અવાજે પોકારે છે. હે માનવ! મૃત્યુથી ભય પામ નહીં. મૃત્યુ પેલે પાર શાશ્વત-ધામ છે. તે જ બ્રહ્મ છે. તે તમારા હૃદયમાં વસતો અંતરાત્મા છે. તમારા હૃદયને શુદ્ધ કરજો અને આ શુદ્ધ, અજરામર, અવિકારી આત્માનું ધ્યાન ધરો. આથી તમે



અમૃતત્વ પ્રાપ્ત કરશો.

તમારે મૃત્યુ જ નથી કેમકે તમારો જન્મ પણ કદી થયો જ નથી. તમે અમૃતસ્વરૂપ આત્મા છો. માયા દ્વારા રચાયેલા જગતરૂપી અસત્ય નાટકમાં જન્મ અને મૃત્યુ એ બે મોટા અંકો છે. તેમનો સંબંધ પંચ મહાભૂતના બનેલા સૌથી બહારના મોટા અન્નમય કોશ સાથે જ છે. આમ, જન્મ–મૃત્યુનો વિચાર તદ્દન મિથ્યા છે.

દરેક આત્મા એક વર્તુલરૂપ છે. આના પરિઘ ક્યાંય નથી પણ તેનું કેન્દ્ર શરીરમાં છે. આ કેન્દ્રને એક શરીરમાંથી ખસેડી બીજા શરીરમાં મૂકવું તેનું નામ મૃત્યુ. તો પછી તમારે મૃત્યુથી શા માટે ભય પામવો જોઈએ?

## મૃત્યુ એટલે શું?

મૃત્યુ એટલે પાચ ભૌતિક શરીરથી આત્માનો વિયોગ થયો તે. આત્માનો ભૌતિક સ્થૂલ શરીરમાં પ્રવેશ એટલે જન્મ અને તેમાંથી ચાલ્યા જવું તે મૃત્યુ. આત્માના વિયોગમાં શરીર મરેલું ગણાય છે.

જીવનના એક પાસામાંથી બીજા પાસામાં જવા માટે મૃત્યુ એ દ્વારરૂપ છે. મૃત્યુમાં શારીરિક ક્રિયા, શરીરમાંના અવયવોની ક્રિયા અથવા શરીરની ચેતના કે સંજ્ઞાનો લોપ થઈ જાય છે. મૃત્યુ એટલે પ્રાણીની ચેતનાનું શારીરિક કે ભૌતિક સારમાંથી પ્રાણમય કે મનોમય સ્તરમાં ગમન. જેમ સ્પંદન કે ગરમીથી બરફનું પાણી થાય છે અને આગળ જતા તેમાંથી વરાળ તેમજ અદૃશ્ય ગેસ થાય છે, તેવી જ રીતે જીવનમાં પણ અન્નમય પ્રાણમય, મનોમય વગેરે વિવિધ સ્તરો હોય છે.

મૃત્યુ તમારા જીવનનો અને આંતરચેતનાનો નાશ કરી શકતું નથી. તે તો માત્ર ઉચ્ચકક્ષાના જીવન માટે દ્વાર ખુલ્લું કરે છે. આમ, મૃત્યુ એ વધારે સંપૂર્ણ જીવન માટેનો દરવાજો છે.

મૃત્યુ એ વ્યક્તિના જીવનનો અંત નથી. તે તો માત્ર પૃથ્વીપરના એક અગત્યના વ્યક્તિત્વનો અંત બતાવે છે. આમ, તે માત્ર સ્વરૂપાંતર છે. જીવન એ વિશ્વના નિયમો પરની વિજય માટેની આગેકૂચ ચાલુ રાખે છે. અને છેવટે તે શાશ્વત સુખ કે આનંદમાં મળી જાય ત્યાં સુધી તે આગળ વધ્યા કરે છે.

મૃત્યુ એ જીવનનો અંત નથી. તે તો જીવનનું રૂપાંતર છે. તે જીવનના પ્રવાહમાં એક સ્વાભાવિક બનાવ છે. તે જીવન વિકાસ માટે અનિવાર્ય છે.

મૃત્યુ એ જીવનનું વિરોધી નથી. તે તો માત્ર જીવનની એક કળા છે. જીવનનો પ્રવાહ તો ચાલ્યા જ કરે છે. દેહ નાશ પામે છે, પણ તેનું બીજ જીવનથી પૂર્ણ હોય છે. વૃક્ષ નાશ પામે છે, પણ તેનો કોલસો થાય છે તે નવા જીવનથી સમૃદ્ધ હોય છે. પાણી અદૃશ્ય થાય છે, પણ તેમાંથી વરાળ જે બને છે, તેમાં નવા જીવનનું બીજ રહેલું છે. પથ્થર અદૃશ્ય થાય છે, પણ તેમાંથી ચૂનો બને છે. તેમાં નવીન જીવન ભર્યું હોય છે. આવી જ રીતે જીવાત્મા અન્નમય કોષને ફેંકી દે છે; પણ તેનું જીવન ચાલુ રહે છે.

શરીરનો લય એ નિદ્રા સમાન સ્થિતિ છે. જેવી રીતે માણુસ ઊંઘે છે. અને જાગે છે આવી જ રીતે જીવાત્માને મૃત્યુ અને જન્મ છે. મૃત્યુ ઊંઘ સમાન છે. જ્યારે જન્મ જાગવા સમાન છે. મૃત્યુ જીવાત્માને નવા, વધારે સારા



જીવનમાં લઈ જઇ તેની ઊર્ધ્વગતિ કરે છે. માટે જ વિવેક જ્ઞાનયુક્ત મનુષ્ય મૃત્યુથી ભય પામતો નથી. તે જાણે છે કે મૃત્યુ એ જીવનનું દ્વાર છે. તેને મન મૃત્યુ એ હાથમાં તલવાર લઇ જીવનનો દોરો કાપી નાખવા માટે તૈયાર થયેલ પ્રેત કે હાડપિંજર નથી. પણ સોનાની ચાવી વડે વધારે વિશાળ, વધારે સંપૂર્ણ અને વધારે સુખી જીવનનો દરવાજો ઉઘાડતો દેવદૂત છે.

જેમ ઊંઘ પછી જાગૃત દશા આવે છે, તેમ મૃત્યુ પછી જન્મ આવે છે. ત્યારે તમે તમારા પૂર્વ જન્મમાં અધૂરું મૂકેલ કાર્ય ફરીથી શરૂ કરો છો માટે કદી મૃત્યુથી ભય પામો નહિ.

જન્મ અને મૃત્યુ પરમાત્માની માયા દ્વારા કરેલા જાદુરૂપ છે. જે જન્મે છે તે મરવા માંડે છે અને જે મરે છે તે જીવવા માંડે છે. જીવન એ મૃત્યુ છે અને મૃત્યુ એ જીવન છે. જન્મ અને મૃત્યુ એ તો સંસારરૂપી રંગભૂમિ પરના પ્રવેશદ્વાર ને નિર્ગમન-દ્વારરૂપ છે.

જેવી રીતે તમે એક ઘેરથી બીજે ઘેર જાઓ છો, તેવી જ રીતે તમે એક શરીરમાંથી બીજા શરીરમાં અનુભવ મેળવવા માટે જાઓ છો. જેવી રીતે મનુષ્ય જૂના વસ્ત્ર કાઢી નાખીને નવા પહેરે છે, તેવી જ રીતે આ શરીરમાં રહેનારો જીવાત્મા જીર્ણ શરીર ફેંકી દઇને નવા શરીરમાં પ્રવેશ કરે છે.

હે માનવ ! મૃત્યુથી જરા પણ ભય પામ નહિ. મૃત્યુ એ માયાનું આભાસી સ્વરૂપ છે. તે તો માત્ર પંચભૂતોનો જ લય કરે છે ત્યારે તુ તો અજર અમર આત્મા છે.

મૃત્યુના ખરેખરા ચિહ્ન નક્કી કરવા ભહુ મુશ્કેલ છે. હૃદયના ધબકારા બંધ કરવા નાડી કે શ્વાસોશ્વાસનું બંધ

થવું એ મૃત્યુના ચોક્કસ ચિહ્ન નથી. હૃદયના ધબકારા નાડી કે શ્વાસોશ્વાસ બંધ થઈ જાય, અવયવો અક્કડ થઈ જાય, શરીર પર ઠંડો પરસેવો વળે, શરીર ઠંડું પડી જાય–આને મૃત્યુના સામાન્ય ચિહ્નો માનવામાં આવે છે. ડોકટર પરીક્ષા કરે છે કે આંખની કીકી પર પ્રકાશની અસર થાય છે કે નહિ. તે પગને વાળવાનો પ્રયત્ન કરે છે પણ આ મૃત્યુના ચોક્કસ લક્ષણો નથી કેમકે હૃદયના ધબકારા બંધ થઈ ગયા હોય છતાં અમુક સમય બાદ મનુષ્યમાં ફરીથી ચેતન પ્રાપ્ત થયું હોય એવા કિસ્સા પણ નોંધાયા છે.

હઠયોગીઓ પેટીમાં પૂરાઇને જમીનની નીચે ખાડામાં ૪૦ દિવસ સુધી દટાઇ રહે છે. પછી તેઓને બહાર કાઢતા શ્વાસોશ્વાસ ચાલુ કરે છે. આમ શ્વાસોશ્વાસ લાંબા સમય સુધી અટકાવી શકાય. મૂર્છામાં શ્વાસોશ્વાસ તે દિવસ સુધી બંધ થઇ ગયા હોય એવા અનેક કિસ્સા જોવા મળ્યા છે. હૃદયના ધબકાર પણ કેટલાક કલાક તો શું, દિવસો સુધી અટકવા બાદ ફરીથી ચાલુ થયાના દાખલા છે. માટે મૃત્યુનું ચોક્કસ કે છેવટનું લક્ષણ શું છે તે કહેવું ઘણું મુશ્કેલ છે. શરીરમાં સડો ઉત્પન્ન થવા માંડવો એને જ છેવટનું ચિહ્ન ગણી શકાય.

માટે મૃત્યુ પામેલ વ્યક્તિને શરીર વિકૃત થવા માંડે તે પહેલાં તરત જ દાટી કે બાળી દેવું ન જોઈએ. આપણે ઘણીવાર ધારતા હોઇએ કે માણસ મૃત્યુ પામેલો છે, છતાં તે મૂર્છા, વાઇ, આદિને લીધે આવેલી બેહોશીમાં કે સમાધિમાં પણ હોઈ શકે; કેમકે આમાં પણ મૃત્યુ જેવા જ ચિહ્ન હોય છે. બધામાં બહારના લક્ષણો એક સરખાં જ હોય છે.

હૃદય બંધ થયેલા લોકોને તરત જ દાટી કે બાળી દેવા



જોઈએ નહિ. કેમકે અમુક કાળ બાદ શ્વાસોશ્વાસ ફરીથી એકવાર ચાલુ થવાનો સંભવ છે, માટે શરીરમાં વિકાર થવા માંડે ત્યાર બાદ જ તેને બાળવું કે દાટવું જોઇએ.

## મૃત્યુ બાદ જીવાત્માની યાત્રા

જ્યારે મનુષ્ય મૃત્યુ પામે છે ત્યારે તેનો જીવાત્મા પોતાની સાથે પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો, પાંચ પ્રાણ, મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારનું બનેલું લિંગ શરીર ઉપરાંત પછીના જીવનને ઘડનારા કર્મના સંસ્કાર સાથે લઈને જાય છે.

આત્મા બધી ઈન્દ્રિયોઓને પોતાની તરફ ખેંચે છે. ત્યારે મૃત્યુ સમયે જેમ દીવામાં તેલ ખૂટી જતાં તે વધારે ને વધારે ઝાંખો થતો જાય છે તેવી જ રીતે સ્થૂલ ઇન્દ્રિયો વધારે ને વધારે નિસ્તેજ બનતી જાય છે. ત્યાર બાદ સૂક્ષ્મ શરીર ધુમ્મસની માફક સ્થૂલ શરીરની બહાર નીકળી જાય છે.

આત્મા જ્યારે પ્રાણ મુખ્ય ઈન્દ્રિયો અને મનને લઈ, સાથે અવિદ્યા તેમજ સારા નરસાં કર્મ અને પૂર્વ જન્મોના સંસ્કારો સહિત પોતાનું જૂનું શરીર ત્યજી દે છે અને નવું શરીર મેળવે છે ત્યારે તે પંચ મહાભૂતના સૂક્ષ્મ સ્વરૂપો–તન્માત્રાથી ઘેરાયેલા હોય છે અને તે નવા શરીરના બીજરૂપ બને છે.

જે નવું શરીર મળવાનું હોય છે તેનો સૌથી પ્રથમ જીવાત્માને આભાસ થાય છે જેમ ખડમાંકડી એક વસ્તુને છોડતા પહેલાં પોતાના પગ બીજી વસ્તુ પર ઠેરવે છે, તેવી જ રીતે જીવાત્મા એક દેહ છોડતાં પહેલાં નવા શરીરને નક્કી કરી લે છે.

## મૃત્યુ સમયે થતો પંચભૂતોનો લય

આ ભૌતિક શરીર, પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને

આકાશરૂપી પાંચ મહાભૂતોનું બનેલું હોય છે. દેવતાઓના શરીર દિવ્ય કે તેજસ્વી હોય છે. કેમકે તેમાં અગ્નિતત્ત્વનું પ્રાધાન્ય હોય છે. મનુષ્યના શરીરમાં પૃથ્વીતત્ત્વ પ્રધાનપણે હોય છે. જળચર પ્રાણીઓમાં જળતત્ત્વ અને પક્ષીઓમાં વાયુતત્ત્વ મુખ્ય હોય છે.

પૃથ્વીતત્ત્વને લીધે શરીરમાં સખતપણું આવે છે; જળતત્ત્વને લીધે શરીરમાંના પ્રવાહી દ્રવ્યો લોહી વીર્ય આદિ બને છે; શરીરમાંની ગરમી અગ્નિતત્ત્વને લીધે છે; આમતેમ ફરવું વગેરે વિવિધ પ્રકારની ક્રિયા એ વાયુને લીધે છે; શરીરની અંદરનું પોલાણ આકાશને લીધે છે. જીવાત્મા એ પાંચ મહાભૂતોથી જુદો છે. (ક્રમશઃ)

—※—


તમારા વ્યવહારમાં દંભ કદી ન રાખો.
યુવાની એ મનુષ્યની જીંદગીનો મહામૂલો સમય છે.

IS: 10001

ઓ. ૨૫૬૬૮
ફે. ૮૭૨૨૨
૮૭૬૨૪
ઘ. ૪૧૪૭૧

ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
-: બનાવનાર :-
કનેરીયા એન્જીનીયરીંગ વર્કર્સ
ઢેબર રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૨




મહાત્મા શ્રી યોગેશ્વરજીની આત્મકથા.

# પ્રકાશના પંથે

(ગતાંકથી ચાલુ)

સં. પરમાર્થી

## ઉડિયાબાબાનો મેળાપ

કેટલાક પ્રસંગો અથવા મેળાપો શાશ્વત બનવા માટે સરજાયેલા હોય છે. એ પ્રસંગો અથવા મેળાપો જીવનના ધન્ય પ્રસંગો અથવા મેળાપો બની રહે છે. ઈ. સ. ૧૯૭૨ના ઓક્ટોબરની અગિયારમી તારીખે એક પ્રાતઃસ્મરણીય સંતનો સ્વર્ગીય સમાગમ થયો.

એ વખતે અમે બદરીકેદારના પુણ્યપ્રવાસેથી પાછા ફરતાં થોડા વખત માટે દેવપ્રયાગના દૈવી સ્થળમાં રોકાયેલા. ત્યાં વરસો પહેલાં અમે જે સ્થાનમાં નિવાસ કરેલો તે સ્થાનમાં ઓરિસ્સા તરફના એકાંત પ્રેમી મહાત્મા પાંચ–છ વરસોથી નિવાસ કરતા. એમનું નામ ઉડિયાબાબા હતું. દેવપ્રયાગના નિવાસીઓ એમના તપ તથા ત્યાગની મુક્તકંઠે પ્રશંસા કરતા. અમે અમારી સાથેના જિજ્ઞાસુ ભાઈબહેનોની ઇચ્છાને માન આપીને એ સ્થાનના દર્શને ગયા ત્યારે એમના સમાગમનો લાભ સહેજે મળી ગયો.

અમારા વખતની કુટિરને તોડી પાડીને એના સ્થાન પર એક નાની સરખી પાકી સુંદર કુટિરનું નિર્માણ કરવામાં આવેલું. એ સ્થાન સુંદર અને આકર્ષક દેખાતું. ઉડિયાબાબા એમાં જ નિવાસ કરતા. અમે એ નાની સરખી કુદરતી ગોદમાં બિરાજેલી કુટિરમાં પ્રવેશ કર્યો ત્યારે ઉડિયાબાબાને એની અંદર બેઠેલા જોયા.

એમનું બાહ્ય વ્યક્તિત્વ આકર્ષક ન હોવા છતાં એમના મુખ પર ને નેત્રોમાં ઊંડી શાંતિ અથવા આત્મસંતોષની

આભા પ્રકટેલી. એમના શિર પર મલિન લાગતા ગૂંચળાંવાળા વાળની જટા, મુખ પર નાની સરખી શ્વેત દાઢી અને શરીરે સફેદ, સંપૂર્ણ કે સારી પેઠે સ્વચ્છ ના કહી શકાય એવાં વસ્ત્રો હતાં. પ્રથમ નજરે નિહાળતાં જ એ કોઈ વૈરાગી સાધુ હોવાની છાપ પડ્યા વિના ના રહી. પૂરેપૂરી ઇશ્વરભક્તિ, સાધનાપ્રીતિ કે વિરક્તિ વગર એવા એકાંત સ્થાનમાં રહેવાનું કાર્ય સામાન્ય કક્ષાના સાધકને માટે મુશ્કેલ હતું.

ઉડિયાબાબાએ સૌને બે હાથ જોડીને મસ્તક નમાવીને નમસ્કાર કર્યા. સામાન્ય રીતે સંતપુરુષો બીજાને એવી રીતે નમસ્કાર કરવાનું ઓછું પસંદ કરતા હોય છે. અમારી સાથેના પ્રવાસીઓ એમની એ વિનમ્રતાને વિલોકીને આશ્ચર્ય પામ્યા. તેમણે ભાવભરપૂર ભાષામાં શાંતિપૂર્વક મને જણાવ્યું કે તમે આ સ્થળમાં વરસો સુધી વસવાટ કરેલો એ જાણીને તમને મળવાની ભાવના થયેલી. ઈશ્વરકૃપાથી એ ભાવના આજે પૂરી થઇ. જીવનમાં પરમાત્મા વિના કશું જ સ્થાયી નથી. એ જ માત્ર જાણવા કે પામવા જેવા છે. જીવ એમને ભૂલી જગતના વિષયોમાં ડૂબીને જ દુઃખી થાય છે. જે પરમાત્માને ભજે છે ને જાણે છે તેની કૃતાર્થતાનો અંત નથી રહેતો. એ સદાને માટે, સાચા અર્થમાં સુખી બની જાય છે.

એમણે ખૂબ પ્રેમપૂર્વક અમારે માટે નીચેથી પેંડાનો પ્રસાદ મંગાવ્યો. અમારી સાથેના સૌ કોઇએ એમના ચરણે પૈસા અર્પણ કર્યા. એની પાછળ શુદ્ધ સેવાદૃષ્ટિ હોવા છતાં એમણે એ પૈસાને ગ્રહણ ના કર્યા. ‘ મારે પૈસાની આવશ્યકતા નથી. ભગવાનની કૃપાથી એના સિવાય સહેજે ચાલે છે. એમનો ભંડાર મારે માટે ઉઘાડો છે. માટે કોઈ પણ પ્રકારની મુશ્કેલી નથી તેથી આ ધન મારે ના જોઇએ.’ એ એમના ઉદ્ગારો હતા. એમને મનાવવાના કેટલાય પ્રયત્નો



કરવામાં આવ્યા તો પણ એ હિમાલય જેવા અચળ રહ્યા. એમની અપરિગ્રહ વૃત્તિ અને નિઃસ્પૃહતા સાચી અને સંપૂર્ણ હતી. આખરે અમારી સાથેના એક બીજા સાધુપુરુષને એ પૈસા આપી દેવામાં આવ્યા.

અમારી સાથેના પંડાભાઈઓએ ઉડિયાબાબા વિષે કેટલોક પ્રકાશ ફેંક્યો. એમણે કહ્યું કે ઉડિયાબાબા ગામમાં નથી આવતા. એમને લોકસંપર્કની અભિરુચિ જરા પણ નથી. કોઇની પાસે એ કશું માગતા નથી. કોઈ સહજ રીતે પ્રેમભાવે કશુંક પહોંચાડે તો આવશ્યકતાનુસાર સ્વીકારે છે. વધારે ભાગે તો મગની દાળ પર અથવા કશું ના હોય ત્યારે પાંદડાં ખાઈને જીવન ગુજારે છે. એ કોઇની પણ લાલસા, વાસના કે અપેક્ષા રાખ્યા વગર ઈશ્વરપરાયણ થઇને કેવળ આકાશ વૃત્તિથી જ જીવે છે.’ ઉડિયાબાબાના મુખમંડળ પર ઊંડા આત્મસંતોષની છાયા દેખાતી. એ એક અસાધારણ અવસ્થાએ આસીન થયેલા સંતપુરુષ હતા એમાં સંદેહને સ્થાન ન હતું.

અમે એમના એકાંત આશ્રમની વિદાય લેતી વખતે એ નાની સરખી કુટિરમાંથી બહાર નીકળ્યા ત્યારે અમારી સાથે એ પણ બહાર નીકળ્યા. મધ્યાહ્નનો સમય હતો. સૂર્યનારાયણ પોતાની પરિપૂર્ણ શક્તિથી પ્રકાશી રહેલા. એ મહાપુરુષ ભારે નમ્રતાપૂર્વક મારી આગળ ઊભા રહ્યા. એમણે પૂર્ણપણે તપતા સૂર્ય તરફ દૃષ્ટિ સ્થિર કરી અને મનોમન કાંઇક બોલવા માંડયું. સૂર્યનો પ્રખર પ્રકાશ એમને આંજી શકતો ન હતો. એમણે સૂર્યોપાસનાની કોઇક સામાન્ય સિદ્ધિ મેળવી હોય એવું લાગવા માંડયું. સૂર્ય સામે એવી રીતે એકધારું જોયા પછી એ મારી તરફ ફર્યા અને મને બે હાથ જોડીને એકાએક પગે લાગ્યા. એમના મુખમંડળ પર સુમધુર સંમોહક સ્મિત ફરી વળ્યું. એ બે હાથ જોડીને મારા તરફ જોઈ રહ્યા

અને સત્વર, પળનાય વિલંબ વિના ધીમા છતાં સરસ સ્વરમાં બોલ્યા : ‘ તમે રામકૃષ્ણ છો. તમે રામકૃષ્ણ ફરી આવ્યા છો. ’ બીજાં બધા અમારાથી દૂર હોવાથી એ ધીમેથી ઉચ્ચારાયેલા શબ્દોને મારા સિવાય કોઈ ના સાંભળી શક્યું. એટલું બોલીને એ સ્નેહપૂર્વક છૂટા પડ્યા.

એમના શબ્દો સાંભળીને મને ખૂબ જ નવાઇ લાગી. હું રામકૃષ્ણ છું તેની માહિતી એમને કેવી રીતે મળી ? મારા જીવનમાં મેં જોયેલા અનેક નાના મોટા મહાત્મા પુરુષોમાં એક જ મહાત્મા એવા મળેલા જેમણે મને સ્થૂલ રીતે, જાગૃતિ દશામાં, મારા પૂર્વજન્મની માહિતી આપી હોય.

ઇ. સ. ૧૯૪૪માં મને મારા પૂર્વજન્મની માહિતી મળી ત્યારથી માંડીને આજ સુધી સૂક્ષ્મ શરીરધારી, સમાધિજેવી અવસ્થામાં એનો લાભ આપનારા મહાત્મા પુરુષો તો કેટલાય, અવારનવાર અને અનેક મળ્યા પરંતુ જીવંત મહાપુરુષોમાંથી કોઇએ જાગૃતિમાં એ જ્ઞાન પૂરું પાડયું હોય એવો પ્રસંગ તો આ બીજો જ હતો.

છેલ્લા કેટલાક સમયથી મારા મનમાં વિચાર પેદા થતો કે કોઇ એવા મહાપુરુષ હશે જે આપણને જોતાંવેંત આપણા પૂર્વજન્મને જાણી શકે ? અને હોય તો આટલા મોટા દેશમાં એમનો મેળાપ શી રીતે થશે ?

અને એ મારા વિચારોના પ્રત્યુત્તરરૂપે ઇશ્વરની વિરાટ શકિતએ આ વિરક્ત મહાપુરુષનો મેળાપ કરાવ્યો અને તે પણ મારી વરસો પહેલાંની, વરસો સુધીની ચિરસ્મરણીય શાંત સુંદર સાધના ભૂમિમાં. મારે મન તે અત્યંત આનંદદાયી પ્રસંગ હતો.

એ પ્રસંગને અત્યાર સુધી હું અનેક વાર વાગોળતો રહ્યો છું. મારે માટે એ ખૂબ જ પ્રસન્નતાપ્રદાયક તેમજ પ્રેરક થઇ પડ્યો છે.



# પ્રેરક પ્રસંગો

સ્વામી રામદાસ ( કેરાલા )
રજૂઆતઃ-ઝિંઝુવાડિયા કનૈયાલાલ એમ.

રાયપુરમાં એક મજાની ઘટના બની. એક ઝાડ નીચે સ્વામીજી આડા પડ્યા હતા. ત્યાં એક મુસ્લિમ યુવક તેમની પાસે આવ્યો. મહમ્મદ પયગંબરની બાબતમાં સ્વામીજીના મુખેથી ખૂબ શ્રદ્ધાભરી વાત સાંભળી યુવાન ખુશ થયો. તેને સ્વામીજી પ્રત્યે એવો પ્રેમ ઊપજ્યો કે તે તેમની સાથે નીકળી પડવાને તૈયાર થયો. થોડીક સમજાવટ પછી તે માન્યો પણ સ્વામીજીના પ્રેમની યાદગીરીમાં સ્વામીજીનું મૃગચર્મ માંગ્યું, જે તેમણે તરત આપી દીધું. છૂટા પડતી વખતે તેણે જાણ્યું કે રામજીની મરજીથી રામદાસ અજમેર જવાની ઇચ્છા રાખે છે એટલે ભાર દઇને તેણે કહ્યું, “ તો તો બહુ સરસ. ત્યાં ખ્વાજા પીરનું સ્થાન છે. તે જોવાનું આપ ચૂકશો નહિ. કોઈ પણ મુસલમાન આપને ત્યાંનો રસ્તો દેખાડશે. ”

યુવકના આ શબ્દો ભવિષ્યકથન જેવા નીવડ્યા. થોડા વખત પછી સ્વામીજી અજમેર પહોંચ્યા. ત્યારે રાત હતી. રાત સ્ટેશન આસપાસની વિસ્તારમાં વિતાવી સવારમાં શહેર ભણી જવા નીકળ્યા. પોતે કયાં જાય છે તેના જરાપણ ભાન વિના શહેરના ગીચ લત્તાઓમાંથી રામનામ જપતા તે જતા હતા, ત્યારે એક ઊંચા અને કદાવર મુસ્લીમે તેમને થોભાવ્યા, તથા પોતાની સાથે આવવા ઇશારત કરી. કશાયે સંકોચ કે પૂછપરછ વિના સ્વામીજી તે ભાઇની પાછળ ચાલવા માંડ્યા. એકાદ માઇલ પછી એક સુંદર મસ્જિદ દેખાઈ. અંદર એક સરસ કોતરણીવાળી રૂપેરી દરગાહ હતી. સાથેના મુસ્લિમ

સજ્જને "આ ખ્વાજા પીરની દરગાહ છે. અહીં ઘૂંટણે પડીને મહમ્મદના ચેલા બની જાઓ."

તરત રામદાસ ખૂબ ભાવપૂર્વક ઘૂંટણે પડ્યા અને કહ્યું, "મહંમદના ચેલા બનવાની રામદાસને કશી જરૂર નથી, કારણ એ તો કેટલાયે વખતથી મહંમદને અનુસરે છે.

મનમાં સ્વામીજી વિચારી રહ્યા હે રામ, હે ખુદા ! ! હે મહંમદ ! તારી કેવી કરામત છે ! પેલા રાયપુરવાળા મુસ્લિમ મિત્રની તીવ્ર ઇચ્છા પૂરી કરવા તું રામદાસને મુસ્લિમના આ યાત્રા સ્થાને લઈ આવ્યો.

અજમેરમાં ત્રણ દિવસ રહ્યા અને પછી પુષ્કરરાજ જઈ આવ્યા.

સ્વામી રામદાસને એક વખત બપોરના ફરતાં ફરતાં તરસ લાગી. કેટલીક સ્ત્રીઓ પાણી ભરી રહી હતી. સ્વામીજીએ એક સ્ત્રી પાસે જઇ પાણી માંગ્યું. બાઇએ કહ્યું, "મહારાજ, હું મુસલમાન છું અને તમે તો હિંદુ સાધુ છો. મારા હાથનું પાણી તમારાથી ના પિવાય."

સ્વામીજીએ કહ્યું, "અરે મા, રામદાસ એવો ભેદ નથી રાખતો." અને એ સ્ત્રીએ આપેલું પાણી પ્રેમથી પી આગળ ચાલ્યા.

ઝાંસીમાં એક વખત એક શિક્ષક સ્વામીજી સાથે વાદ-વિવાદ કરવા આવ્યા. શિક્ષક આર્યસમાજી અને ઉગ્ર સ્વભાવના હતા. ચર્ચા દરમ્યાન પેલા ભાઇ મર્યાદા ઓળંગી ગમે તેમ બોલવા લાગ્યા. બીજે દિવસે એ ગૃહસ્થ સ્વામીજી પાસે આવી પગમાં પડી માફી માગવા લાગ્યા, 'મહારાજ ! આપને મેં કડવા શબ્દો કહ્યા તેની શિક્ષા ભગવાને મને



કરી. જુઓ, મારી જીભ પકડાય છે ને બરાબર બોલાતું પણ નથી."

સ્વામીજીએ કહ્યું, "ભાઈ, ભગવાન કોઇને શિક્ષા કરતો નથી. એ તો પ્રેમસ્વરૂપ છે. જેને આપણે પાપ કહીએ છીએ તે આપણી જ કૃતિ છે." પેલા ભાઇએ સ્વામીજીનો હાથ પકડી પોતાના ગળા આસપાસ ફેરવ્યો. અને આશ્ચર્ય ! જરા વારમાં તો એની જીભ બરાબર બોલતી થઇ ગઈ. પણ સ્વામીજીએ તો તેમને સમજાવ્યું કે રામની શક્તિ ને તમારી શ્રદ્ધાથી જ તમે સારા થયા છો."

ઝાંસીના વસવાટ દરમ્યાનના કેટલાક નાના પ્રસંગો સ્વામી રામદાસ (કન્હનગઢ–કેરાલા)ના ઉદાર માનસનો પરિચય કરાવે છે. એક દિવસ સ્વામીજી હાથમાં લોટો લઈ બજાર-માંથી પસાર થતા હતા, ત્યાં તેમને તરસ લાગી. કોઇ એક ઝૂંપડાના બારણામાં એક ડોશીમા બેઠાં હતાં. તેમની પાસે તેમણે પાણી માંગ્યું.

માજીએ ડોકું ધુણાવી કહ્યું, "મહારાજ, મારા હાથનું પાણી તમને ન મળે."

"કારણ ?"

"અમે હલકાં વરણનાં છીએ એટલે."

"તેમાં શું મા ? તમે તો રામદાસનાં માતાજી છો. દયા કરી તમારા દીકરાને પાણી આપો." માજીએ ખૂબ ખુશ થઇ પાણી પાયું. સ્વામીજી થોડી વાર ત્યાં બેઠા. ડોશીમાએ પોતાના દુઃખની વાત કહી. જગતમાં એ એકલાં જ હતાં. એમનાં દિવસ ને રાત શોક, દુઃખ ને ભયમાં જતાં હતાં. સ્વામીજીએ તેમને કહ્યું, "મા, રામ બધાનો રખેવાળ છે.

પછી ભય, ચિંતા કે એકલતા શા માટે? રામ સદા આપણી પાસે જ રહે છે." એમ કહી એમને રામનામનો જપ કરવાની સલાહ આપી.

બીજે દિવસે સ્વામીજી ફરી એ માજી પાસે ગયા. માજીના મુખ પર આજે આનંદ જણાતો હતો. સ્વામીજીની સલાહ પ્રમાણે તેમણે કરી જોયું હતું; ને પરિણામે એમનાં શોક ને ચિંતા ઘટ્યાં હતાં. સ્વામીજીએ માજીના હાથની રાંધેલી રોટલી મોજથી ખાધી. ત્રીજીવાર મુલાકાત લીધી ત્યારે જોયું કે માજીના મુખેથી રામનામનો જપ સતત ચાલી રહ્યો હતો.

જેણે સુખ મોકલ્યું છે, એણે જ દુઃખ પણ મોકલ્યું છે, માટે એને પણ પ્રેમથી આવકાર આપો.

સ્વમાન અને અભિમાન વચ્ચેનો ભેદ સમજો

લડાઈ જામી પડે, ક્યારેય બોલવું નહિ.

ઓછું વિચારનાર વધુ બોલે છે, વધુ વિચારનાર ઓછું બોલે છે.

કોઇની કૃપા સ્વીકારવી એ મનોનિર્બળતાનો પ્રારંભ છે.

વ્યાધિ ટાળવા દેહ અને ઉપાધિ ટાળવા દિલ સાફ રાખો.

અતિભલાઈ આજના યુગને બહુ અનુરૂપ નથી.



( પૃષ્ઠ ૧૬ નું અનુસંધાન )

પૂ. મા કહે, "છોકરાઓનું ઓઠું શોધી પ્રશ્ન ન પૂછતા. વડીલોને પણ શંકા થતી હોય તો અમને સીધા પ્રશ્નો પૂછોને?"

આમ કહી પૂ. મા પોતાની મેળે જ પોતાના ઉપવાસો અંગે સમજ આપતાં કહે છે. "અમે કોઈ પણ પ્રકારની લૌકિક ઇચ્છાથી ઉપવાસો કરતાં નથી. એક પ્રભુ સિવાય અમારે કંઈ મેળવવું નથી. સંસારીઓને પણ સ્વજનોના મૃત્યુ પછી જેમ અન્ન ભાવતું નથી, પરંતુ કોઇને ખાધા વગર થોડું ચાલે છે? ને, પાંચ કે પંદર દહાડે એ ખાવા મંડી જાય છે. પરંતુ પૂ. શ્રીના દેહવિલય પછી અમારું મન સહજ રીતે અન્ન પ્રત્યે ઉપરામતા પામ્યું, તે આજ સુધી ટકી રહ્યું છે. અમને હવે વિશ્વાસ થઈ ગયો છે કે કેવળ અન્ન લેવાથી જ જીવાય છે એવું નથી. પ્રભુ ઇચ્છે તો તે વિના પણ જીવાડી શકે છે, એટલે આ શરીર ટક્યું છે. નહિ તો ક્યારનુંય રામશરણ થઇ ગયું હોત."

"આ ઉપાવાસો દરમ્યાન પૂ. શ્રીએ ઘણા અનુભવો આપ્યા છે. એટલે એ ખાવા અંગેનો અનુભવ કે સંકેત પણ આપી શકે એમ છે. તે કાલે આપે તો કાલથી જ ખાવા માંડીએ. અમે કોઈ પ્રસિદ્ધિ કે હઠાગ્રહથી આ વ્રત કરતાં નથી. સહજ રીતે તે થતું રહે છે. અમને એનો ભાર કે બોજો લાગતો નથી."

અહીંના અને કેનેડા ભક્તો માટે પૂ. માનું આ પ્રકારનું તપ નિહાળવાનો આ પહેલો પ્રસંગ છે. એટલે એમને આશ્ચર્ય થાય એ સ્વાભાવિક છે. પૂ. મા અન્તમાં કહે છે, "કોઇને અમારા ઉપવાસો કે નિર્જળા બાબતમાં શંકા થતી હોય તો અમારી સાથે રહેવા આવી જાય ને પ્રત્યક્ષ જોઇ લે.

સોમવારે, તેઓ સવેં પૂ. માની વિદાય લેવા ઊભા થાય છે, ત્યાંજ પૂ. માને ખબર આપવામાં આવે છે કે મેમ્ફીસથી શ્રી લલ્લુભાઇ ને એમનાં પત્ની ગુલાબબહેન આવ્યાં છે. મેમ્ફીસ અમેરિકાના લગભગ મધ્ય ભાગમાં આવેલું છે ને ૧૫૦૦ માઇલ જેટલું દૂર છે. વિમાનમાં આવતાં ચાર કલાક લાગે છે.

શ્રી લલ્લુભાઈ પૂ. માના કુટુમ્બના સભ્ય છે. પરંતુ તેમનાં પત્ની અને તેઓ પૂ. મા પ્રત્યે ઘણી શ્રદ્ધા ભક્તિ ધરાવે છે. ગુલાબબહેનનું શરીર થોડું સ્થૂલ થયું છે. પૂછતાં જણાયું કે તેઓ જે પાણી પીએ છે, તેમાંથી થોડું શરીરમાં સંગ્રહાઈ રહે છે; એટલે એમણે પાણી ઓછું પીવુ જોઇએ, પણ તેઓ પાણી પીધા વિના રહી શકતાં નથી.

આમ છતાં આજે સોમવાર છે ને તેમણે મેમ્ફીસથી નીકળ્યાં ત્યારથી સંકલ્પ કરેલો કે પૂ. માના દર્શન કર્યાં પહેલાં પાણી નહિ પીવું. અને એ સંકલ્પ સહજ રીતે પળાયો, એથી એમને આનંદ છે. તેઓ બાર કલાકથી વધારે પાણી પીધા વગર રહી શકયાં તે મોટી વાત ગણાય.

પૂ. મા તેમને પોતાના એકાંતવાસની અને તે દરમ્યાન લખાતાં ભજનોની વાતો કરે છે. એમાંની કેટલીક રચનાઓ એક પછી એક સંભળાવતાં જાય છે અને એમાં સાંજના પાંચ કયાં વાગી જાય છે, તેની અમને ખબર જ પડતી નથી. પૂ. માને આજે નિર્જળા છે. આજે પાણી પણ પીવાની ઇચ્છા થતી નથી એમ સહજ ભાવે જણાવી દે છે. લગભગ પાંચ વાગે તેઓ વિદાય થાય છે. પરંતુ તે પછી પણ બીજા ભકતો આવતાં છેક રાત્રે ૮.૩૦ સુધી એક જ આસન પર બેસી રહેલાં છે. તેનો થાક તેમને વરતાય છે.

બીજા દિવસે બપોરે માને મળવા શ્રી લલ્લુભાઇ ને ગુલાબબહેન આવે છે. તે પહેલાં તેઓ નારાયણભાઇ સાથે પૂ.



શ્રીના સાધનાત્મક જીવનના કેટલાક પ્રસંગો સાંભળે છે. પછી પૂ. મા પાસે આવતાં નારાયણભાઈની પુત્રી બિન્દુના સ્વર્ગવાસ પછી તેના પૂ. શ્રીએ કરાવેલ અનુભવોની વાતો નીકળે છે. શ્રી ગુલાબબહેનને મૃત્યુ પછીના જીવન અંગે જાણવાની ઘણી જિજ્ઞાસા છે. વિવિધ પ્રસંગો સાંભળ્યા પછી પૂ. મા કહે છે, " એમાં બહુ પડવા જેવું નથી એ વિષય ગહન છે. એમાં સમય બગાડયા કરતાં પ્રભુનું એટલા કલાક નામજ લોને !

પૂ. માને આજે શરીરે તાવ છે ને દુઃખાવો પણ. પરંતુ તેઓ પોતાના સુવાના ઓરડામાંથી સત્સંગના ઓરડામાં આવી બેસી ગયાં છે, વાત વાતમાં કહે છે, " શારીરિક પીડા કે તાવનું સ્મરણ સત્સંગ ચાલતો હોય ત્યાં સુધી અમને થતું નથી. " આ મન એવું થઇ ગયું છે કે સત્સંગના રસાસ્વાદમાં તે જાણે શરીરથી અલગ થઇ જતું ન હોય! એમ પીડાનો અનુભવ કરતું નથી. સત્સંગ જેવો પુરો થયો કે તાવ, પીડા, બળતરા બધાં પાછા હાજર થઇ જાય છે, એમ કહી પૂ. મા હસાવે છે ને એક સંત પુરુષની વાત કરે છે. તેઓ એક ગામમાં પ્રવચન આપવા જઇ રહ્યા હતા; પરંતુ શરીરમાં તાવ, ઉધરસ ને ભારે શરદી જેવું હતું, જેથી બોલતાં તકલીફ પડતી. ગામના ઝાંપે પહોંચીને કહે, " હે શરીરનાં બધાં દર્દો, તમે અહીં ઝાડપર બેસો. હું પ્રવચન કરીને આવું એટલે મારી સાથે જોડાઇ જજો. એવું જ કંઇ અમારું છે. "

પૂ માની આ વાતો સરળ ને સહજ ભાવે કહેવાયેલી છે. પરંતુ એમાં એમની દેહાતીત અવસ્થાનું દર્શન થાય છે; યોગ સાધના, તપ કે ભક્તિ વડે જે પ્રાપ્ત કરવાનું છે તે મનનો સંયમ, મનને શરીરથી જરૂર પડયે અલગ પાડવાની શક્તિ, પૂ. માના આવા વ્યવહારમાં દેખાય છે. પણ દષ્ટિ વગર આ બધી વાતો શી રીતે સમજાય ? (ક્રમશઃ)

## કીર્તિધ્વજ

( ધોળ )

ગુરુજી રે મારા યોગેશ્વર વ્હાલા,
કરીએ તમને કાલા રે વાલા.
મારા મન મંદિરે વિરાજો તો,
પ્રેમથી તમોને પ્રણમીએ રે.

જ્યોતિ મૈયા એ તમોને ખોળે રે લીધા
ભણાવી ગણાવીને મોટા રે કીધા
હિમાલયને ખોળે તમને સોંપી દીધા તો...પ્રેમથી

હિમાલયે રે તમોને મોટા રે કીધા
તપસ્વી બનાવી હીરા રે કીધા
દેશ, વિદેશે, કીર્તિધ્વજ ફરકાવી દીધા તો...પ્રેમથી

સર્વે માને તમોએ સાથે જ લીધાં
કારજ સઘળા તેના રે કીધાં
મંત્ર, દીક્ષા, દઈને, પાવન, અમને કીધાં તો...પ્રેમથી

—દુર્લભજી ભક્ત સ્યાદલા



# એમના વિના જીવન ખરેખર અંધકારમય છે....

શ્રી જયેશકુમાર એન. પટેલ–સુરત

માણસનું જીવન ખૂબ ઝીણવટથી તપાસવામાં આવે તો ઘણાંના જીવનમાં પ્રકાશના અનન્ય કિરણો જોવા મળશે જ્યારે કેટલાકના જીવનમાં એનો અભાવ જોવા મળે છે. આ બાબતે ઊંડા ઊતરીએ તો સમજી શકાશે કે શા માટે આવું બનતું હશે? શા માટે કોઇના જીવનમાં અંધકાર અથવા પ્રકાશ છે? જવાબ કદાચ નીચેની બાબત ઉપરથી મળી રહેશે.

કેટલાક માણસોની ગતિ જે તરફ કરવાની હોય છે તેને બદલે જુદી જ દિશામાં થતી હોય છે અથવા એ અંગે તેને ખબર કે જાણ નથી હોતી. આજે માણસ જે અદ્ભુત ભૌતિક વસ્તુઓ, સુખ સગવડ તરફ ડગ માંડી રહ્યો છે તે આ સમય પ્રમાણે બિલકુલ આવશ્યક, આવકાર્ય છે પણ એથી વિશેષ એણે કંઇક બીજું કરવાનું છે એ કદી ના ભૂલાય. જીવનના કલ્યાણ અર્થે, આત્માના કલ્યાણ અર્થે કશુંક કરવાનું છે એ કદી ના ભૂલાય. કોઇને પ્રશ્ન થશે કે સુખથી ભર્યું જીવન હોય તો જીવનના કલ્યાણનો પ્રશ્ન જ ક્યાંથી હોય? તો આત્માનો ઉદ્ધાર કરવાનો પ્રશ્ન જ ક્યાંથી હોય? વગેરે પ્રશ્નોના જવાબ કદાચ બીજા જ વિષય તરફ દોરી જશે અને એનો જવાબ આપવાથી તેઓને કદાચ સંતોષી શકાશે પણ નહીં. કારણ કે એનો જવાબ એ ખુદ ત્યારે જ સમજી શકશે કે જ્યારે એના જીવનમાં આધ્યા·

ત્મિકતાના ઊંડાં મૂળ હશે કે શ્રી સદ્‌ગુરુદેવની કૃપા છાયા હશે. જે રીતે દર્દીને કોઇક સ્વાદની ગમે તેટલું વિવરણ આપવા છતાં પણ તે સ્વાદના રસમય અનુભવની અનુભૂતિ પામી શકતો નથી. એ તો તેને ત્યારે જ સમજાશે કે જ્યારે પોતે ઝડપથી સારો થઇ એને આરોગે. એવું જ આ બાબતમાં પણ સમજી લેવાનું છે.

એમના વિના જીવન ખરેખર અંધકારમય છે એટલે કે શ્રી ગુરુ વિના જીવન અંધકારમય છે. ગુરુ તો દરેકના જીવનમાં ડગલેને પગલે થવાના અને થશે જ. ધારો કે હું તમને કોઇક બાબતે સાચું સૂચન કરું અથવા તમો મને કોઇક બાબતે સાચી સલાહ આપો તો આપણે એકબીજાના શિક્ષાગુરુ થયા એમ કહેવાય, પણ અધ્યાત્મ જીવનના શ્રી ગુરુ કે જેને આધ્યાત્મિક સદ્‌ગુરુ કહેવાય એવા શ્રી ગુરુ ફક્ત એક જ હશે કે એક જ હોવા જોઇએ. તે જ જીવનની નાવ સંભાળી લેનારા હોય છે, જીવનને સાચા અને પાકા લક્ષ તરફ દોરનારા હોય છે, પૂર્ણત્વને પ્રાપ્ત કરાવનારા હોય છે.

એમની કૃપાથી, એમની અમી દૃષ્ટિથી જીવનની સ્થિતિ એવી અજબ અનોખી બનતી હોય છે કે સર્વ પ્રકારે આનંદ આનંદ અને સંતોષની લહરીઓ જીવનમાં ઊઠે છે અને કેટલીક શુભ આશાઓ દૂર ક્ષિતિજેથી ઉઠતી દેખાતી હોય છે, જ્યારે કેટલીક શુભ આશાઓનો ઉદ્‌ભવ થશે એવો પ્રબળ વિશ્વાસ, પ્રબળ શ્રદ્ધા બનતી દેખાય છે. આપણે આત્મનિરીક્ષણ કરીશું તો આપણામાં બે હાથવાળા પાસે ખૂબ આશા હોય છે, તૃષ્ણા હોય છે અને એ તૃષ્ણામાંને તૃષ્ણામાં પરિગ્રહવૃત્તિ એટલી વિશાળ બનતી હોય છે કે



માણસના જે તે મનના રોગો છે તેમાંથી ઘણા આ વૃત્તિને કારણે જ થતા હોય છે. જો એ પરિગ્રહવૃત્તિનો જીવનમાંથી લોપ થઈ જાય અથવા લોપ કરી દેવામાં આવે તો માણસ ખુદ પોતાની બુરાઇઓમાંથી છૂટી શકે છે અને જે આશાઓ બે હાથવાળા પાસેથી હોય છે તેનાથી અનેકગણું હજાર હાથોવાળા ઈશ્વર પાસેથી મળી રહે છે એવું અનુભવાતું હોય છે અને એ એવું તો આપશે, એટલું બધું તો આપશે કે આપણે તો બસ ઝીણવટથી જોયા જ કરવાનું, આનંદ પામતા જ રહેવાનું. ત્યારે આપણાથી એના ચરણમાં એટલા બધા પ્રેમથી ઢળી જવાશે કે એની કોઈ હદ જ નહીં હોય.

જીવનનું લક્ષ ઇશ્વરાભિમુખ હોવું જોઇએ અને એવો જ ડર રાખીશું તો ઘણું બધું મેળવી શકાશે, કારણ કે દરેક કાર્ય કરતાં કરતાં આપણે એટલા તો સભાન હોઇએ જ છીએ કે આ તો પ્રભુને ગમશે અથવા આ તો શ્રી ગુરુ કહેતા હતા તેનાથી વિરુદ્ધ કરી રહ્યા છીએ આથી આમ તો થાય જ નહીં...... વગેરે વગેરે સદ્‌વિચારોને લીધે જીવન, જે તે ધંધો, જે તે ક્ષેત્ર એટલું બધું મહેકી ઊઠશે, ખીલી ઉઠશે કે આનંદની કોઈ સીમા પણ નથી રહેતી. જીવન એકદમ ભર્યું ભર્યું લાગશે, આનંદ આનંદ છવાઈ જશે. સાથે સાથે સંસારમાં એવી સુંદર ભાત પાડી શકાશે કે અન્ય સહુ એમના પોતાના દિલમાં સ્થાન આપશે...... આની સાથે આપણો પ્રેમ પણ એ જીવનના દોરનાર તરફ એટલો બધો વધશે કે આપણે પળે પળે એવો આભાર માનતાં અચકાઈશું નહીં. એક સમય એવો આવશે કે જે માર્ગ ઉપર હતા તે માર્ગથી ઘણા દૂર નીકળી ગયાનો સુખદ અનુભવ થશે અને આનંદ થશે કે હાશ! છુટકારો પામ્યા. શ્રી ગુરુકૃપાએ છુટકારો પામ્યા કે એક સમયે હું ક્યાં હતો ને ક્યાં આવી

ચડ્યો. કેટલા ખરાબ, કેટલા સામાન્ય માર્ગથી કેટલા અદ્ભૂત માર્ગ ઉપર આવી ચડ્યો. પહેલા કેટલી ક્ષુદ્ર અને સામાન્ય વિચારધારા હતી. અને આજે કેટલી અદ્ભૂત વિચારધારા સાથે જીવન ચાલે છે, વગેરે જેવા અનેકાનેક અનુભવો થતા રહેશે. અરે ! એમની કૃપાથી ત્રિકોણના એક એવા ખૂણા ઉપર પહોંચી જવાશે કે જ્યાંથી બંને તરફની પરિસ્થિતિનું અવલોકન કરી શકાશે. એક તરફ જેમાં જીવનમાં શ્રી ગુરુ-કૃપાની વર્ષા વરસી રહે છે ત્યાં કેવું અદ્ભૂત જીવન હોય છે તે અને બીજી તરફ કે જ્યાં જેના જીવનમાં પ્રભુ તરફ ઈશ્વર તરફ પ્રેમ ના હોય તો તેમના જીવનમાં કેટલો અંધ-છે તે જોઈ શકાતું હોય છે. આમ આપણે કયો માર્ગ પસંદ કરવો જોઇએ તે ખુદ વિચારી શકીશું.

દરેક વ્યક્તિ એવું ઈચ્છતી હશે કે પોતાનું જીવન ઉન્નત બને, સારું બને, ગડમથલ વિનાનું બને, પ્રકાશમય બને, પ્રકાશના પંથ ઉપર લઈ જનારું બને, સત્ય પથ ઉપર લઇ જનારું બને...પ...ણ...કંઈક થઈ શકતું નથી. જો કે એવા વિચારથી નિરાશ પણ થવાનું નથી...એમ કરવા માટે પોતાના અમૂલ્ય જીવનમાં શ્રી ગુરુની કૃપા વરસે એ માટે પ્રાર્થના–સાધના કરવાની હોય છે અને જો શ્રી ગુરુ ન હોય તો એની શોધ અવશ્ય કરવી જ જોઇએ. આપણા જીવનરૂપી દીવામાં શ્રદ્ધારૂપી તેલ જોઇએ અને શ્રી ગુરુરૂપી જ્યોત જલતી હોવી જોઈએ. ભવસાગર તરવા માટે શ્રી ગુરુરૂપી નકશો જોઇએ કે જેના વડે સુખરૂપ તરી શકાય, મુશ્કેલી-ઓનો સામનો કરવાની સમજ પડે....શ્રી ગુરુ જ એવા છે કે જે જીવ અને શિવનું મિલન કરાવે, એ બે વચ્ચે રહેલા પડદાને હટાવી લેવામાં મદદ કરે. એમની શોધ કરવી જ જોઈએ નહીંતર એમના વિના જીવન ખરેખર અંધકાર-



મય છે, રસવિહીન છે, આનંદવિહીન છે, વ્યર્થ છે.

અંતે, સૌને શ્રી ગુરુરૂપી જ્યોતની પ્રાપ્તિ થાય અને દરેકનું જીવન પ્રકાશમય બને એવી ઈશ્વરને પ્રાર્થના...પ્રેમથી વંદના.

આ લેખમાં ઘણી જગ્યાએ ભૂલ હશે, કોઇનું દિલ દુઃખ અનુભવે તો એ મારું અજ્ઞાન, અપરિપકવ જ્ઞાન સમજજો અને સુખ, સંતોષ, આનંદ અનુભવે તો એ મારા શ્રી ગુરુ ( પૂ. મા–પ્રભુ ) ની કૃપા થકી જ થોડા વિચારોનું આલેખન થઇ શક્યું છે એમ સમજજો...ફરી એકવાર નમસ્કાર... હરિઃ ૐ તત્સત્.

પુસ્તક કરતાં અનુભવી પાસેથી વધુ અને સંગીન જ્ઞાન મળે છે.

ક્યારેક નાનકડી ગેરસમજ મોટું ઘર્ષણ ઊભું કરે છે.

મનુષ્યના પ્રયત્નની સાથે જ ઈશ્વર ઊભેલા હોય છે.

મુશ્કેલી કરતાં મુશ્કેલીનો ભય વધુ બિવડાવે છે.

વાણીનો બિનજરૂરી વ્યય ન કરવો એ ઊંચુ તપ છે.

શોખ માટે નહિ પણ શરીરના રક્ષણ માટે કપડાં પહેરવાં.

આ દુનિયામાં નિઃસ્વાર્થ સહાનુભૂતિ ભાગ્યે જ મળે છે અને મળી જાય તો તે વિરલ વસ્તુ છે.

## જોયા જગદીશ

આજ અટારીમાંહેથી મેં જોયા છે જગદીશને,
જમનાજીની કુંજ ગલીમાં જાતા જોયા ઇશને–આજ.

લાલ ગુલાબી રંગી ચરણો કેસર લીપ્યા ઓષ્ઠ છે,
પદ્મરાગ રંગો અંગુલીયે પૂર્યા રંગ તરંગને–આજ

શિર મુકુટ પીતામ્બર ધરિયા કંઠ કૌસ્તુભ રત્ન છે.
મીરા નરસિંહ મહેતે જોયા એવા દીઠા ઇશને–આજ

શ્યામલ રંગ વિરંજીત કાયા જેવી રંજીત દિશ છે,
પીત વસ્ત્રપરિધાને દીઠા કેસર વરણા કેશને–આજ

કોણે જોયા ? ભકતે જોયા નિરાકાર સાકારે જોયા,
અગણિત સેવા સંતે જોયા નજરો નજરે ઇશને–આજ

સદા સર્વદા વ્યાપ્યા સઘળે અચિંત્યા એવા રૂપ છે.
" સીમિત " રૂપે સહુના હૃદયે વસતા જોયા ઈશને–આજ

આત્મ તત્ત્વ વ્યાપ્યું બ્રહ્માંડે અગણિત જેનાં રૂપ છે,
પરબ્રહ્મ પોઢ્યું પારણિયે જોયું યશોદા માતેરે-આજ

વૈદ્ય વી. એમ. મહેતા " સીમિત "

—*—



## રામકથા

( ગતાંકથી ચાલુ )

શ્રી યોગેશ્વરજી

( શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા )

'છતાંપણ મારાથી અત્યારે અયોધ્યામાં પાછું નહિ જ ફરી શકાય. ચૌદ વરસ પૂરાં થશે એટલે હું કોઈનાય અનુનય વિનય વગર મારી મેળે જ પાછો ફરીશ.'

'એ સંજોગોમાં રાજ્યની ધૂરા કોણ સંભાળશે ? ભરતે તો રાજગાદી પર ના બેસવાનો સંકલ્પ કર્યો છે. એમનો એ સંકલ્પ અન્યાયી છે એવું તો ના જ કહી શકાય.'

ભરતે કહ્યું: રામ પોતાના વ્રતપાલનમાં ને નિર્ણયમાં મક્કમ છે તો હું પણ મારા વ્રતપાલનમાં એટલો જ મક્કમ છું. જેના પર મારો ન્યાયયુક્ત અધિકાર નથી તે વસ્તુ મારાથી કદી પણ ગ્રહણ નહિ કરી શકાય. અમારા અને અયોધ્યાની પ્રજાના દુર્ભાગ્યે તમે પાછા નહિ જ ફરો તો અયોધ્યાની ગાદી ખાલી રહેશે અને તમારા પુનરાગમન સુધી મંત્રીઓ મહર્ષિ વસિષ્ઠની સલાહથી રાજ્ય ચલાવશે. હું સીતા તથા લક્ષ્મણની જેમ તમારી સાથે વનમાં રહીશ.

'તારા પર અમને પ્રેમ હોવા છતાં મારાથી તને મારી સાથે વનમાં રહેવાની અનુમતિ નહિ આપી શકાય.'

'તો પછી હું અયોધ્યામાં તો નહિ જ રહું. તમે વનમાં વસો તથા વિહરો અને હું અયોધ્યાના રાજ્ય સુખનો ઉપભોગ કરું એ કદાપિ નહિ બને. મારું મન એને કદી પણ પસંદ નહિ કરે. તમે લક્ષ્મણ તથા સીતા સાથે વનમાં રહેશો ત્યાં સુધી હું અયોધ્યાની બહાર નંદીગ્રામમાં રહીને તપસ્વી તરીકેનું જીવન

પસાર કરીશ. એ સિવાય મારા આત્માને શાંતિ નહિ મળે. ચૌદ વરસના વનવાસની અવધિ પૂરી થયા પછી મને દર્શન આપવામાં જો એક પણ દિવસનો વિલંબ કરશો તો મારે માટે જીવનને ટકાવી રાખવું અશક્ય થઇ પડશે. એ સંજોગોમાં હું શરીરને છોડી દઇશ.'

ભરતના ભાવભરેલા શબ્દો સાંભળીને સૌની આંખ ભરાઈ આવી. ભરત પણ ભાવવિભોર બનીને વધારે ના બોલી શક્યો.

ઊર્મિલાએ લક્ષ્મણને એકાંતમાં કહ્યું. 'રામ તથા સીતાના સહવાસનું સુખ મેળવવા બદલ તમે ખરેખર બડભાગી છો. તમારા સહવાસ સુખથી વંચિત હોવા છતાં મને એટલો સંતોષ છે કે ઉત્તમ પ્રકારના સેવા કાર્યમાં પ્રેરાઇને તમે તમારા જીવનને સફળ કરી રહ્યા છો.'

'પરંતુ થોડા દિવસોમાં તો તારું શરીર ઘણું સૂકાઈ ગયું છે!'

'શરીર એનું કામ કર્યા કરે છે અને હું મારું. તમારા વનગમન પછી મેં મારા જીવનને અત્યંત સાદું તેમજ પરમાત્મ-પરાયણ બનાવી દીધું છે. ધરતી પર સૂઉં છું, એક જ વાર અને એ પણ તમારી પેઠે ફળાદિનું ભોજન કરું છું, સાદા વસ્ત્રો ધારણ કરું છું, તથા વડીલોની સેવામાં ને સ્વાધ્યાયમાં મન પરોવું છું. ઈન્દ્રિયોના ભોગો તથા વિષયોમાંથી મનને નિવૃત્ત કરીને આત્માની આરાધનામાં લગાડી દઉં છું.'

'ત્યારે તો મેં તારા જીવનને ઘણું દુઃખી કરી દીધું!'

'બિલકુલ નહિ. મારું જીવન દુઃખી નહિ પરંતુ સુખી છે.'

એમાં એક જ દુઃખ તમારા વિયોગનું છે પરંતુ એને પણ સહી શકું છું. સંસારની અસારતા અને બાહ્ય સુખોપભોગની ચંચળતાનો વિચાર કરીને મારા મનને બનતું ઉપરામ રાખું છું



એટલે મને શાંતિ લાગે છે. તમારો માર્ગ સરળ બનીને શ્રેયસ્કર થાય એજ ઇચ્છા છે. વનપ્રદેશમાં તમારી સાથે વિહરવાનું મન તો મને પણ થઇ આવે છે, પરંતુ મને સોંપાયેલા કર્તવ્યમાં સંતોષ માનીને મારા વખતને હિંમત તથા ધીરજપૂર્વક વિતાવી રહી છું. મારો પ્રેમ સાચો હશે તો તમને ફરીવાર ને કાયમને માટે જરૂર મેળવીશ!

ભરતે ઘણીયે વિનંતી કરી જોઈ પરંતુ રામે ના માન્યું. પાંચ છ દિવસ એમ જ વીતી ગયા. મહર્ષિ વસિષ્ઠ, સુમંત્ર, ઊર્મિલા કે કૌશલ્યાદિ માતા, નિષાદ કે કોઈનીય વિનંતિ કામ ના લાગી. આખરે રામની આજ્ઞાને માન આપીને ભરત પાછા વળ્યા.

પાછા વળતાં પહેલાં એણે રામની પાદુકા લઇ લીધી ને કહ્યું: સિંહાસન પર તમારો જ અધિકાર હોય, તમારા વતી આ પાદુકાની જ પ્રતિષ્ઠા કરીશ. રાજસિંહાસન પર હું નહિ બેસી શકું. હું નંદીગ્રામમાં જ નિવાસ કરીશ!

ભરતનો અજબ ત્યાગભાવ ને પ્રેમ ત્યાં એકત્ર થયેલાં સૌના અંતરમાં અંકિત થઇ ગયો.

(ક્રમશઃ)

## પરમાત્મા

આ જીવન છે ખારું,
અહીં કોઈ નથી મારું,
સૌ કહે છે ફસાયો તે સારું,
-આ.

મને સહુ કોઈ સતાવે,
રાહ પણ ન બતાવે,
બસ પ્રભુ તારી યાદ રડાવે,
જગ આખું ભાસે નઠારું,
-આ.

મારાથી દૂર કેમ ખસ્યો તું ?
બતાવ કયાં જઈ વસ્યો તું ?
શું જોઈને આજ હસ્યો તું ?
મન-દીપ બુઝાયો લાગે અંધારું.
-આ.

-મનીષ એન. જોષી "માન"

C/o. શ્રી એન. એસ. જોષી. જેલર કવાર્ટસ, જેલ, પોરબંદર-૩૬૦ ૫૭૫).

*——*

# સ્ત્રી પ્રત્યે આદરભાવ

ઘરમાં સ્ત્રી સ્વતંત્ર છે. પણ એ સ્વચ્છંદી ન હોવી જોઈએ. ખેતરને વાડની જરૂર છે. ખેતરમાં ફળ ઉત્તમ રીતે ઉછરે એ માટે મર્યાદાની જરૂર રહે છે. આપણે મર્યાદા તો મૂકી પણ સ્ત્રીઓના જીવનને જકડી નાખ્યું. એમના જીવનને વિકસવા ન દીધું. જો આપણે સ્ત્રીઓના શરીરને રમવાનું સાધન માનીને આચરવાનું છોડી દઈશું તો તેમના તરફ પ્રેમભક્તિ પ્રગટશે અને સ્ત્રીઓનાં શરીર ભકિતથી ત્યાગ કરવાના ગુણવાળાં બનશે. પણ કૂવામાં નહિ હોય તો હવાડામાં કયાંથી આવશે ?

વેદકાળમાં સ્ત્રીઓનાં સન્માનની વાતો હતી. સ્ત્રીઓ ધર્મચર્ચામાં પુરુષોને હંફાવતી. આજેય સ્ત્રી-સન્માનની ભાવના છે. હજી મૂળ ભાવનાનાં બીજ ગયાં નથી. જે ઉન્નત રીતે જીવે છે એમને લીધે જ સમાજનું અસ્તિત્વ છે. જો સમાજને ભાવનાથી ઉન્નત બનાવવો હોય તો માતા પ્રત્યેનું દષ્ટિબિંદુ બદલાવું જોઈએ. સ્ત્રી પ્રત્યે આદરભાવ પ્રગટાવવાનું થવું જોઈએ. સમાજના નવસર્જન અને પુનરુત્થાન માટે એ ઘણું જરૂરી છે.

-( પૂ. મોટા )

ADHYATMA Regd. No. GBV 113

# ઈશ્વરી પ્રેમ

જે પુણ્યશાળી આત્માઓએ પૂર્વજન્મમાં કાંઈક કર્યું હોય છે તે જ ઈશ્વરની કૃપાથી આ જન્મમાં આ સાધનમાર્ગ તરફ તીવ્ર ગતિથી વળે છે, ને વિના રુકાવટે વધે છે. બીજાને માટે આ માર્ગ એટલો સહેલ નથી. કેમકે વાસના ને તૃષ્ણાપૂર્ણ જીવનમાં ઈશ્વરી પ્રેમનો ઉદ્ભવ સંભવ નથી.

મુખ્ય વસ્તુ ઈશ્વરી પ્રેમ છે. તેમ જ પ્રેમથી પૂર્ણ સમર્પણ પણ આવશ્યક છે. આપણાં સર્વ કર્મોની અંદર ઈશ્વરની પૂજાની ભાવના રહેતી હોવી જોઈએ ને જીવનનો ઉપયોગ એક શોખની વસ્તુ તરીકે નહીં પરંતુ સાધના કે સંયમની પાઠશાળારૂપે થવો જોઇએ.

ગમે તેવા કર્મ કે પ્રવૃત્તિ પરાયણ હોવા છતાં એક ક્ષણને માટે પણ ભૂલવું જોઇએ નહીં કે આ બધી બાજી બે આંખ ઉઘાડી છે ત્યાં સુધીની જ છે. જીવનનો સાચો ઉપયોગ આત્મદર્શન છે.

કેટલાક મહાત્માઓ ને મહાન પુરુષો સંસારની પ્રલોભનાત્મક વસ્તુઓને સલામી ભરીને આ રસ્તે વળી ગયા, ને જીવન ધન્ય કરી ગયા. એ હંમેશાં યાદ રાખવું જોઇએ. એથી પ્રમાદ ને આળસ કે જડતા દૂર થઈ જશે.

–યોગેશ્વરજી

રાધેશ્યામ પ્રિ. પ્રેસ, હરિયાળા પ્લોટ, બોરડીગેટ, ભાવનગર.
પ્રાપ્તિસ્થાનઃ– પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧